
કિંમત ₹ ૫

# શ્રી સ્વામિનારાયણ

માસિક

પ્રકાશન દર માસની ૧૧ તારીખે ● સળંગ અંક : ૧૪૩ ● માર્ચ ૨૦૧૯



## મૂળી મંદિરમાં વસંત પંચમી સમૈયો

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧















૧. ટ્રેન્ટ મંદિરના શતાબ્દી પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનું પૂજન કરતા  તથા સભામાં પ.પૂ.લાલજી મહારાજશ્રીની નિશ્રામાં  શ્રી ન.ના.દેવ યુવક મંડળના યુવકો. ૨. મહેસાણા મંદિરના દશાબ્દી પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક કરતા અને સભામાં આશીર્વાદ આપતા પ.પૂ.મહારાજશ્રી.૩. જામફળવાડી મંદિર પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીના અન્નકૂટ દર્શન.૪. વિહાર મંદિરના પાટોત્સવ પ્રસંગે સભામાં આશીર્વાદ આપતા પ.પૂ.લાલજી મહારાજશ્રી. ૫. દિયોદરમાં પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક કરતા સંતો અને બાળશિબિર પ્રસંગે પ.પૂ.લાલજી મહારાજશ્રીનું પૂજન કરતા યજમાન પરિવાર.



# શ્રી સ્વામિનારાયણ


શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૧૨ ● સળંગ અંક : ૧૪૩

માર્ચ-૨૦૧૯

(મૂળ વર્ષ ૪૯)





**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
**www.swaminarayanmuseum.com**

**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી**
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
**Mo. : 9099098969**
**magazine@swaminarayan.in**
**www.swaminarayan.in**

એડ્રેસમાં ફેરફાર કરવા
**E-mail : manishnvora@yahoo.co.in**
**લવાજમ** - વાર્ષિક : રૂ. ૫૦-૦૦ ● છુટક નકલ રૂ. ૫-૦૦


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | તોરણાના રણછોડ ભક્ત | ૦૬ |
| ૦૪. | ધર્મ પુત્રનું ધ્યાન કરો | ૦૮ |
| ૦૫. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વચનમાંથી | ૧૦ |
| ૦૬. | ઠાકોરજીની સેવા રીતિ - નમ્ર નિવેદન | ૧૩ |
| ૦૭. | મૂર્તિ | ૧૪ |
| ૦૮. | સંકલ્પમૂર્તિ શ્રી ઘનશ્યામ મહારાજનો ભવ્ય અને દિવ્ય રજત ચંતિ મહોત્સવ શ્રી સ્વામિનારાયણ મંદિર નારણપુરા, અમદાવાદ | ૧૫ |
| ૦૯. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૭ |
| ૧૦. | કુમકુમનો ચાંદલો | ૨૩ |
| ૧૧. | સત્સંગ બાલવાટિકા | ૨૪ |
| ૧૨. | ભક્તિ સુધા | ૨૬ |
| ૧૩. | સત્સંગ સમાચાર | ૩૦ |

# અસ્મદીયમ્

આપણો દેશ અત્યારે પાકિસ્તાન પ્રેરિત આંતકીઓ સામે ઝઝુમી રહ્યો છે. હમણા ૧૪ ફેબ્રુઆરીના કાશ્મીરના પુલવામાં આપણા ૫૦ જેટલા સૈનિકો આંતકી હુમલામાં શહીદ થયા. દુનિયાના અનેક દેશોએ આ દુઃખદ ઘટનાને વખોડી અને આપણા દેશ સાથે સૌએ સાથે છીએ અને આપણા દેશના વડા પ્રધાને પણ આપણા જવાનોની શહીદી અને તેમના લોહીનું એક એક બુંદ એળે નહીં જાય એનો બદલો વહેલી તકે લેવામાં આવશે અને તા. ૨૬-૨-૧૯ ના રોજ આપણા વીર જવાનો-કમાન્ડોએ રાત્રે ૩ વાગે પાકિસ્તાનમાં ઘુસીને આંતકીઓના અડ્ડાનો ખાતમો બોલાવ્યો. આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ આપણા શહીદ જવાનોના પરિવાર માટે કાલુપુર મંદિર તરફથી ૧૫ ફેબ્રુઆરીના ત્વરીત પચીસ લાખનો ચેક સૈનિકોના ફંડમાં જમા કરાવ્યો. તેમજ આપણા આઈ.એસ.એસ.ઓ. અમેરિકાથી પણ ઘણી મોટી રકમ તેમજ આપણા નાના-મોટા અનેક મંદિરોએ પણ ફંડ ભેગું કરીને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શહીદોના પરિવાર માટે મોકલવામાં આવી છે. આપણે તો આપણા તમામ મોટા ઉત્સવોમાં અન્નકૂટ પ્રસાદ, ફ્રૂટ આદિ શાહીબાગ મિલેટ્રી કેમ્પમાં પ.પૂ. લાલજી મહારાજશ્રી અને પૂ. શ્રીરાજા સ્વયં કેમ્પમાં જઈને પહોંચાડે છે. આ તો શ્રીજીમહારાજ વખતથી આવી સેવાકીય પ્રવૃત્તિ ચાલી આવે છે.

સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનને આપણે સૌ પ્રાર્થના કરીએ કે આંતકવાદનો વહેલી તકે અંત આવે અને સમગ્ર વિશ્વમાં સુખ શાંતિ સ્થપાય.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી તેમજ સમસ્ત સંતો અને હરિભક્તો આપણા દેશના શહીદ જવાનોના આત્માને પરમ કૃપાળુ શ્રી સ્વામિનારાયણ ભગવાન નિજ ધામનું સુખ આપે અને તેમના પરિવારને ધૈર્ય અને બળ પુરૂ પાડે અને સમગ્ર દેશમાં ખૂબજ શાંતિ પ્રવર્તે તેવી પરમાત્માના ચરણોમાં પ્રાર્થના કરે છે.



**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ

# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(ફેબ્રુઆરી-૨૦૧૯)



૧ કુહા શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ-શાકોત્સવ પ્રસંગે પધરામણી.
૩ શ્રી સ્વામિનારાયણ મંદિર નારદીપુર પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૬ મેડા ગામે સત્સંગ સભા પ્રસંગે પધરામણી.
૭ શ્રી સ્વામિનારાયણ મંદિર લીલાપુર (મૂળીદેશ) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
૮ શ્રી સ્વામિનારાયણ મંદિર ઉંઝા મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
૯ શ્રી સ્વામિનારાયણ મંદિર પોરડા (કઠલાલ) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
૧૦ શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળી પાટોત્સવ અને વસંતોત્સવ - રંગોત્સવ પ્રસંગે પધરામણી.
૧૧ શ્રી સ્વામિનારાયણ મંદિર ટ્રેન્ટ શતાબ્દી પાટોત્સવ મહોત્સવ પ્રસંગે પધરામણી.
૧૨ શ્રી સ્વામિનારાયણ મંદિર ઉવારસદ પાટોત્સવ કથા પ્રસંગે પધરામણી.
૧૩-૧૪ શ્રી સ્વામિનારાયણ મંદિર નાના અંગીયા (કચ્છ) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
૧૫ શ્રી સ્વામિનારાયણ મંદિર નારણપુરા સંકલ્પ મૂર્તિ શ્રી ઘનશ્યામ મહારાજના રજત જયંતી પાટોત્સવ મહામહોત્સવ પ્રસંગે પધરામણી.
૧૬ શ્રી સ્વામિનારાયણ મંદિર વિજાપુર પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૧૮ શ્રી સ્વામિનારાયણ મંદિર અંજલી (અમદાવાદ) પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૨૦ શ્રી સ્વામિનારાયણ મંદિર ઝુંડાલ મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
૨૧ શ્રી સ્વામિનારાયણ મંદિર મહેસાણા દશાબ્દી પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૨૩ શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટ પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૨૫ શ્રી સ્વામિનારાયણ મંદિર ભાઉપુરા પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૨૬ શ્રી સ્વામિનારાયણ મંદિર સાપાવાડા પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૨૮ શ્રી સ્વામિનારાયણ મંદિર કુબડથલ પાટોત્સવ પ્રસંગે પધરામણી.

## પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(ફેબ્રુઆરી-૨૦૧૯)

૩ દિયોદર (બનાસકાંઠા) શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ - કથા પ્રસંગે પધરામણી.
૪ શ્રી સ્વામિનારાયણ મંદિર પોરડા ભાટેરા મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
૯ શ્રી સ્વામિનારાયણ મંદિર ટ્રેન્ટ શતાબ્દી પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૧૦ શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળી વસંત પંચમીના સમૈયા પ્રસંગે પધરામણી.
૧૨ શ્રી સ્વામિનારાયણ મંદિર નારણપુરા રજત જયંતી મહોત્સવ પ્રસંગે પધરામણી.
૧૩ શ્રી સ્વામિનારાયણ મંદિર ટોરડા પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૧૭ શ્રી સ્વામિનારાયણ મંદિર મહેસાણા દશાબ્દી પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૨૨ હર્ષદ કોલોની મંદિર પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૨૪ રાજપુર ગામે પધરામણી.
૨૫ શ્રી સ્વામિનારાયણમંદિર વિહાર પાટોત્સવ પ્રસંગે પધરામણી.



# તોરણાના રણછોડ ભગત

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

વચનામૃત શાસ્ત્રની અંદર લોયા પ્રકરણના ૯ માં સ્વયં શ્રીજીમહારાજ કહે છે કે ''જે શાસ્ત્રમાં ભગવાનનું સાકારપણું પ્રતિપાદન ન કર્યું હોય તથા ભગવાનના અવતારનું નિરૂપણ ન હોય અને જે ગ્રંથ શુધ્ધ વેદાંતના હોય ને એક અદ્વિતીય નિરાકારનું પ્રતિપાદન કરતા હોય ને તે ગ્રંથ સુધા બુધ્ધિમાનના કરેલા હોય તો પણ તે ગ્રંથને કોઈ દિવસ ભણવા નહિ ને સાંભળવા પણ નહિ. અને જો રણછોડ ભક્તના જેવા કીર્તન જ હોય ને તેમાં ભગવાનની મૂર્તિનું વર્ણન હોય તો તેને ગાવવા ને સાંભળવા તથા એવી રીતના જે ગ્રંથ હોય તેને ભણવા ને સાંભળવા. (લોયા પ્ર.-૯)

આ રણછોડ ભક્ત કોણ હશે ? ક્યાં સમયમાં થયા હશે ? અને તેમના લખેલા કીર્તનો કેવા હશે ? જેને સ્વયં ભગવાન વખાણતા હોય એવા ભક્તના જીવન વિષે આજે કાંઈક જાણીએ.

રણછોડ ભક્તનો આશ્રમ ખેડા જીલ્લાના કપડવંજ તાલુકાના તોરણા ગામમાં આવેલો છે. પરંતુ રણછોડ ભક્તનું જન્મ સ્થાન તોરણા નહિ પણ ત્યાંથી ૯.૫ કિ.મી. દૂર આવેલ ખડાલ ગામ છે. જેનો ઉલ્લેખ તેઓએ પોતાના કાવ્યમાં પણ કરેલ છે.

**''ખરી દયા ને ખડાલ ગામ, નરસંઈ સુતનું રણછોડ નામ''**

(બ્રહ્મસ્તુતિ)

ભક્ત જ્ઞાતિએ દશા ખડાયતા વાણિયા. ભગત થયા એટલે 'ભગત' અટક પડી. પણ પૂર્વજોની અટક તો મહેતા. વળી પિતાશ્રીનું નામ નરસિંહ મહેતા હતું. ખડાલ ગામમાં રણછોડ ભક્તનું જીવન વેપારી વાણિયાનું હતું. પણ સાથે ભજનનો વેપાર ખરો. પોતે વૈષ્ણવ ધર્મ પાળે. અને ડાકોરના રણછોડજીના અનન્ય ભક્ત એટલે દર પૂનમે ડાકોર ચાલતા જતા. તેઓનું મોટા ભાગનું જીવન ખડાલ ગામમાં વ્યતિત થયેલું. ત્યાં રહીને ઘણા કાવ્યો-કીર્તનોની રચના પણ કરી હતી. ભગતને ખડાલ છોડી તોરણા કેમ આવવાનું થયું તે અંગે એક પ્રસંગ કારણભૂત મનાય છે.

રણછોડ ભક્ત ખડાલ ગામમાં ગોપાળ મહેતાની ખડકીમાં વેપાર-ધીરધારનો ધંધો કરે પણ શાખ ભગતની. એકવાર એક વિધવાબાઈને બહારગામ જવાનું હતું. એટલે બાઈ પાસે ઘરેણાનો દાબડો (ડબ્બો) હતો તે સાચવવા રણછોડ ભગત પાસે ગઈ. ભગતને કહ્યું ''હું બહારગામ જઉં છું. તો તમે આ ઘરેણાનો દાબડો સાચવો, પાછો આવીશ ત્યારે લઈ જઈશ.'' ભગત તો ત્યારે પૂજા કરવા બેઠા હતા. એટલે બેઠા બેઠા જ કહ્યું ''એને પેલા પટારા ઉપર મૂકો'' બાઈ દાબડો પટારા ઉપર મેલી ચાલી ગઈ. ભગત તો આંખો મીંચી ધ્યાન કરવા લાગ્યા. ભગતના ઘરની સામે એક સોનીનું ઘર, તેણે દાબડો જોયો ભગતને ધ્યાનમાં બેઠેલા જોયાને સોનીનું ચિત્ત ચળ્યું અને ચોર પગલે ભગતના ઘરમાં ઘૂસીને દાબડો ઉઠાવ્યો. અને પોતાના ઘરમાં લાવી છાણાના ઢગલામાં સંતાડી સોની પોતાના કામે લાગી ગયો. બન્યું એવું કે, પેલી બાઈને બહારગામ જવાનું બંધ રહ્યું. એટલે તેઓ દાગીનાનો દાબડો પાછો લેવા આવી. દાબડો માંગ્યો. ભગતે પૂર્વવત્ બેઠા બેઠા કહ્યું. જ્યાં મૂક્યો હતો ત્યાંથી લઈ લો. બાઈ પટારા ઉપર જુએ તો

દાબડો ગાયબ ! એણે ભગતને કહ્યું કે ''મારો દાબડો ત્યાં નથી'' ભગત આશ્ચર્યમાં પડ્યા. દાબડો ગયો ક્યાં ? બાઈ તો ગુસ્સે ભરાઈ. ભગતને જ ચોર સમજી બેઠી. ખડાલના દરબાર મિયાં મકવાણાને ફરિયાદ કરી. દરબારે સાચી હકીકત રજૂ કરવા ભગતને ચેતવણી આપી અને જેલની ધમકી આપી. ભગતે તો પોતે નિર્દોષ હોવાની વાત કરી અને શ્રી રણછોડરાયજીની પ્રાર્થના કરી સહાય માંગી. તરત જ ભગવાન સાધુના વેશમાં આવ્યા. અને દરબારને કહ્યું ''ખરો ચોર તો સોની છે અને ભગત નિર્દોષ છે.'' તે પુરવાર કરી બતાવ્યું અને ત્યાંથી અદ્રશ્ય થઈ ગયા. દરબારે ભગતની માફી માંગી પરંતુ ભગત હવે સંસાર ઉપર ઉદાસીન થઈ ગયા જેથી વૈરાગ્ય થઈ ગયો. બસ હવે તો ડાકોરના ઠાકોરના દરબારમાં જ રહેવું છે, બીજે રહેવું નથી. આમ નિર્ણય કરી ખડાલ છોડી ડાકોર જવા તૈયાર થયા. માર્ગમાં તોરણા ગામ આવ્યું. ત્યાંના પ્રેમી ભક્તોને રણછોડ ભગત સાથે ખૂબ હેત હતુ. આથી તેમને આગ્રહ કરી રાત રોક્યા. એ જ રાતે રણછોડ ભગતને સ્વપ્નમાં ડાકોરના ઠાકોર દેખાણા. અને કહ્યું ''તોરણામાં અમુક જગ્યાએ (હાલમંદિર છે ત્યાં) મારી મૂર્તિ છે. જમીનમાંથી મૂર્તિ બહાર કાઢી અમારી પ્રતિષ્ઠા કરજો. અને અમારી સેવા પૂજા કરજો. આવી આજ્ઞા કરી. પ્રથમ તો સ્વપ્ન માન્યું પણ ફરીવાર એ જ સ્વપ્ન આવ્યું. સવારે બધા પટેલોને ભેગા કર્યા. ખોદકામ કર્યું તો શ્રી લક્ષ્મીનારાયણ, હનુમાનજી અને ગરુડજીની પ્રતિમાઓ પ્રાપ્ત થઈ. સૌ ભાવ વિભોર બની ગયા. ગામ લોકોએ તોરણામાં જ ડાકોર ઉભું કરવા જમીન તથા અન્ય ખર્ચ આપવાનું નક્કી કર્યું. લોક આગ્રહ અને પ્રભુ આજ્ઞાને વશ થઈ રણછોડ ભગતે તોરણામાં રહેવાનું સ્વીકાર્યું અને શ્રી રણછોડરાયજીનું સુંદર મંદિર બંધાવ્યું જે આજે પણ હયાત છે.

રણછોડ ભક્તના જીવનમાં બીજા પણ કેટલાક પ્રસંગો છે. જેમાં ભગવત્કૃપા રૂપ ચમત્કારો થયેલા છે. જેમ કે, ડાકોરના મંદિરના દ્વાર ખુલી જવા. ભગતના દીકરા નારાયણદાસ અને કૃષ્ણદાસના વિવાહનો ખર્ચ ભગવાન પોતે આવીને આપી ગયા. દ્વારકા મંદિરનો ચંદરવો સળગતો ઓલવી નાખ્યો હતો. આવા અનેક પ્રસંગો ભગતના જીવનમાં બનેલા છે.

રણછોડ ભક્તના રચિત પદોની સંખ્યા સેંકડોની છે. તેઓ કૃષ્ણ ભક્તિ પરાયણ રહેતા આથી તેઓના પદોમાં કૃષ્ણપ્રેમ વિશેષ છલકે છે. શ્રીકૃષ્ણના જીવન વ્યક્તિત્વ-લીલાને વિષય બનાવી તેમણે પદો, ભજનો, ધોળ, રાસ, થાળ, આરતી, સ્તવનો ઘણા રચ્યા છે. જેમાં 'વસંતના પદ', 'શણગારના ધોળ', 'દાણના પદ', 'અમૃત ફલના ધોલ', 'હિંડોળાના પદો', 'જન્માષ્ટમીની વધાઈ', 'શ્રી રાધિકાજીની વધાઈ', 'રાસના પદો', 'વૃન્દાવન માહાત્મ્ય', 'સ્તોત્રો' 'બારમાસી' 'સ્નેહલીલા' 'ગોવર્ધન ઓચ્છવ', 'વેણુંગીત' 'રાધાવિવાહ' 'રણછોડજીનો ગરબો', 'રાધિકાના રુસણાની ચાતુરી', 'રાસ પંચાધ્યાયી' અને 'કૃષ્ણ જીવનના મહિમા' જેવી નોંધપાત્ર કૃતિઓ છે. વળી રણછોડ ભક્ત નર્યા ભાવભક્તિવાળા જ ભક્ત નથી. જ્ઞાની ભક્ત પણ છે. તેમણે 'કેવળરસ', 'પ્રભાત સ્તવન', 'કક્કો' 'ચેતામણી-શિક્ષા અંગ', 'કરમાના દોહરા-શિક્ષા અંગણી', 'મનુષ્ય દેહનો મહિમા', 'તાજણા' (સાટકા-ચાબખા) નામક કૃતિઓ જ્ઞાનમાર્ગી અને વૈરાગ્ય-ઉપદેશક કવિતા આપી છે. અન્ય અવતાર પરક 'દશાવતાર લીલા', 'સીતાવેલ', 'રામાયણના પ્રસંગ', 'વિદુરનો પ્રસંગ', 'રામજન્મ વધાઈ', 'બ્રહ્મસ્તુતિ', 'ભકત બિરદાવલી', 'નાચિકેતાખ્યાન' વગેરે તેમની રચના પણ પ્રસિધ્ધ છે.

રણછોડ ભક્તના સમકાલીન ભક્ત દ્વારકાદાસે તેમના વિષે લખ્યું છે. ''જુનાગઢનો નરસઈ નાગર, તેનો તુ અવતાર'' એવા રણછોડ ભક્તના કાવ્યોમાં નરસિંહ મહેતાની ઝલક તરત નજરે ચડે છે.

તોરણાના રણછોડરાયના મંદિરની ગાદી ઉપર આજે ભગતના વંશજોમાં 'બળદેવદાસ' કરીને મહંત છે. જેને લોકો 'ભગતજી'ના લાડ ભર્યા નામે પણ ઓળખે છે. એ બળદેવદાસજીએ 'રણછોડ ભક્તની વાણી' એ નામના પુસ્તકો પાંચ ભાગમાં પ્રકાશિત કરેલા છે. જેનાથી રણછોડ ભક્ત રચિત પદો આજે પણ આપણી પાસે હયાત છે. વળી રણછોડરાયજીની મૂર્તિ આજે પણ તોરણા ગામમાં બિરાજમાન છે. લોકો રણછોડજીની પૂનમો ભરે છે. ભગવાન તેમની મનોકામના પૂર્ણ કરે છે.

આવા મહાન ભગવત્પ્રેમી રણછોડ ભક્તનું નામ

(અનુ. પેજ નં. ૧૨ ઉપર)

# ધર્મ પુત્રનું ધ્યાન કરો

- શાસ્ત્રી નિર્ગુણદાસ (અમદાવાદ)

श्रीधर्मसद्मन्यवतीर्य विष्णुर्यो वासुदेवो हरिकृष्ण ईशः ।
श्रीनिलकण्ठोऽत्रपुनाति मर्त्यान् ध्यायेहरिं तं हृदि धर्मपुत्रम् ।।१।।
यस्य स्वरुपे तिललक्षणानि स्वभक्तचेतांसि हरन्ति यद्वत् ।
अयांसिचाकर्षमणिप्रवेका ध्यायेहरिं तं हृदि धर्मपुत्रम् ।।२।।
यस्याक्षरे धाम्नियत्प्रसक्ताः क्रीडन्ति दिव्येऽक्षरसंज्ञमुक्ताः ।
सम्राट्तनुजा इवसर्व मान्या ध्यायेहरिं तं हृदि धर्मपुत्रम् ।।३।।
यस्यायस्यपद्मेऽद्भुतभूरिशोभे वसन्ति नेत्रभ्रमरा जनानाम् ।
हंसायथा मानसपद्मवृन्दे ध्यायेहरिं तं हृदि धर्मपुत्रम् ।।४।।
यः पोषयत्यत्र निजान स्वकीयज्ञानोपदेशेन सुधोपमेन ।
वत्सान् सुशिला पयसा यथा गौः ध्यायेहरिं तं हृदि धर्मपुत्रम् ।।५।।
पाखण्डधर्माद्युदयेन यस्य शाक्ताः व्यलीयन्त यथोदितेऽर्के ।
घूका वृषद्वेषिण एव चान्ये ध्यायेहरिं तं हृदि धर्मपुत्रम् ।।६।।
यत्पादपमेऽक्षरमुक्तचेतो भृगां रमन्ते सरसीवमीनाः ।
आसेव्यमाने भुवि भूरिभक्तैः ध्यायेहरिं तं हृदि धर्मपुत्रम् ।।७।।
यदीयसौन्दर्यगुणादिपारं शेषादयो यान्ति यस्य भक्ताः ।
वांच्छन्तिनाप्यक्षरसौख्यमन्तः ध्यायेहरिं तं हृदि धर्मपुत्रम् ।।८।।

स्त्रग्धरावृत्तम् ।।

गोपालानन्दानाम्ना रचितमतिशुभंत्वष्टकं सन्मयेदं प्रीत्यै
श्री धर्मसूनोः प्रगटभगवतः स्वामिनारायणस्य ।
तन्महात्म्यावबोधं य इदमिह जनः श्रावयेत्कीर्त्तयेदवा स स्यादवै
ब्रह्मरुपः हरिरतुलमुदं चाप्नुयात्तत्र धार्मिः ।।९।।

ભગવાન શ્રીસ્વામિનારાયણના હૃદયના અભિપ્રાયને સમજીને તે અનુસારે સંપ્રદાયમાં તે જ પ્રમાણેની ઉપાસના જ્ઞાન પ્રવર્તાનારા જો કોઈ હોય તો તે અક્ષરમૂર્તિ સદ્‌ગુરૂ ગોપાલાનન્દ સ્વામી છે. જેમને શ્રીસ્વામિનારાયણ ભગવાને આ સંપ્રદાયની અને બન્નેય આચાર્યોની સંભાળ રાખવાની ભલામણ કરી હતી. તે સ્વામીશ્રી જગતમાં આત્યન્તિક મોક્ષને ઈચ્છતા સર્વ કોઈ જીવમાત્રને જો પોતાના હૃદયમાં ધ્યાન કરવા યોગ્ય સ્વરૂપ હોય તો તે સાક્ષાત્ ધર્મદેવના પુત્ર સ્વરૂપે આ કળિકાળમાં મનુષ્ય શરીર ધારણ કરીને પ્રગટ પ્રમાણ પૃથ્વી ઉપર વિચરણ કરતા ભગવાન શ્રી સ્વામિનારાયણની આ દિવ્ય મૂર્તિ જ છે. અને તે મૂર્તિનો કેવો અલૌકિક પ્રતાપ છે તે સમજાવવા માટે સ્વામીએ જે પ્રકારે શ્રીહરિનો પ્રતાપ અને ઐશ્વર્ય છે તેનું વર્ણન કરવા માટે આ એક સુન્દર ઉપજાતી છન્દમાં સંસ્કૃત ભાષામાં મધુર અષ્ટકની રચના કરી છે. તેના સરળ અર્થને સમજવાનો પ્રયત્ન કરવો જરૂરી છે. તે જોઈએ કેવો મધુર છે --

**શ્રીધર્મસદ્મન્યવતીર્ય વિષ્ણુર્યો વાસુદેવો હરિકૃષ્ણ ઈશઃ ।**
**શ્રીનીલકંઠોઙત્રપુનાતિ મર્ત્યાન્ ધ્યાયેહરિં તં હૃદિ ધર્મપુત્રમ્ ।।૧।।**

આ ભયાનક કળિકાળમાં છપૈયા ગામના નિવાસી જે ધર્મદેવ હરિપ્રસાદ વિપ્રના ઘરે જે પ્રગટ થયા છે તે સાક્ષાત્ વિષ્ણુ છે. વાસુદેવ છે. હરિકૃષ્ણ છે. ઈશ્વર છે. શ્રીનીલકણ્ઠ છે. આ પાંચ વિશેષણો આપીને સ્વામીએ સર્વઅવતારોના અવતારી અને સર્વત્ર વ્યાપક અન્તકોટી બ્રહ્માણ્ડોની ઉત્પતિ સ્થિતિ અને પાલન કરનારા પરંબ્રહ્મ પરમાત્મા સર્વ કારણના કારણ એવા પરંબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રીકૃષ્ણપુરૂષોત્તમ નારાયણ છે છતાં સર્વજીવ પ્રાણી માત્રનું હિત કરવા માટે આત્યન્તિક મોક્ષ અપાવવા માટે મનુષ્ય શરીર ધારણ કરીને વિચરણ કરે છે તે આ ધર્મદેવના પુત્ર શ્રીહરિ ભગવાન શ્રીસ્વામિનારાયણનું હું મારા હૃદયમાં સ્મરણ ચિન્તન રૂપ ધ્યાન કરૂ છું. (૧)

**યસ્ય સ્વરુપે તિલલક્ષણાનિ સ્વભક્તચેતાંસિ હરન્તિ યદ્વત્ ।**
**અયાંસિચાકર્ષમણિપ્રવેકા ધ્યાયેહરિં તં હૃદિ ધર્મપુત્રમ્ ।।૨।।**

ભગવાન શ્રીહરિએ ધારણ કરેલ માનવ દેહમાં જેમ લોહચુંબક લોખંડના પદાર્થ માત્રને પોતાના તરફ ખેંચી લે છે, તેમ પોતાના સર્વ ભક્તો તેમજ દર્શન કરનારાના મનને પોતાની મૂર્તિમાં બળપૂર્વક ખેંચી લે તેવા શરીરમાં શ્રીહરિએ તલના ચિન્હો અને લાખુના ચિન્હો ધારણ કરેલ છે. ભગવાનને ઓળખાવનારા શાસ્ત્રોમાં કહેલાં ચરણાર્વિન્દના સોળ ચિન્હો ઉપરાંત શરીર ઉપર પણ કેટલાંક પ્રકારના ઓળખ ચિન્હોનું વર્ણન સામુદ્રિક શાસ્ત્રમાં આવે છે તે સર્વ ચિન્હો આ મૂર્તિમાં વિદ્યમાન છે. તેઓ આ ધર્મદેવના પુત્ર શ્રીહરિ ભગવાન શ્રીસ્વામિનારાયણનું હું મારા હૃદયમાં સ્મરણ ચિન્તન રૂપ ધ્યાન કરૂ છું. (૨)

**યસ્યાક્ષરે ધામ્નિયત્પ્રસક્તાઃ ક્રીડન્તિ દિવ્યેઙભરસંજ્ઞમુક્તાઃ ।**
**સમ્રાટ્તનુજા ઇવસર્વ માન્યા ધ્યાયેહરિં તં હૃદિ ધર્મપુત્રમ્ ।।૩।।**

અક્ષરધામ એવું નામ જેમના ધામનું છે તે સર્વ ધામોથી પર છે. અને તે અક્ષરધામની તુલના અન્ય કોઈ ધામ કે સ્થાન સાથે થઈ જ ન શકે એવા અક્ષરધામમાં જે ભક્તો આ શ્રીહરિનો આશ્રય કરે છે તેમને જ પ્રાપ્ત થાય છે. તે દિવ્ય અક્ષરધામમાં ગયેલ ભક્તનું નામ

અક્ષરમુક્ત એવું થાય છે. તે ધામમાં ગયેલા ભક્તો શું કરે છે તો ત્યાં વિરાજમાન પરંબ્રહ્મ પરમાત્માના દ્વિભુજ દિવ્ય સદા સાકર સ્વરૂપની સદા સર્વદા સેવારૂપી ક્રિડા ક્રિયા કરીને તેમનું રંજન કરે છે. તે અક્ષરમુક્તોનું સામર્થ્ય કેવું છે તો જેમ ચક્રવર્તી સમ્રાટનો રાજકુમાર હોય તેના જેટલા તેના આધિન રાજ્યો હોય તેના સર્વ શાસકો અધિકારીઓ તેનું ખૂબજ સન્માન કરે છે તેમ અક્ષરમુક્તોનું સર્વ બ્રહ્માણ્ડના નિયન્તાઓ ઉત્પતિ સ્થિતિ પ્રલય કરનારા તે અક્ષરમુક્તોનું માન સન્માન કરે છે. અને તેમની બધી આજ્ઞાઓનું પાલન પણ કરે છે. એવા અક્ષરમુક્તો જેમની સેવામાં છે. તે આ ધર્મદેવના પુત્ર શ્રીહરિ ભગવાન શ્રીસ્વામિનારાયણનું હું મારા હૃદયમાં સ્મરણ ચિન્તન રૂપ ધ્યાન કરૂ છું. (૩)

**યસ્યાયસ્યપદ્મેડદ્ભુતભૂરિશોભે વસન્તિ નેત્રભ્રમરા જનાનામ્ ।**
**હંસાયથા માનસપદ્મવૃન્દે ધ્યાયેહરિં તં હૃદિ ધર્મપુત્રમ્ ॥૪॥**

ભગવાન શ્રીસ્વામિનારાયણના આ દિવ્ય માનુષ શરીરની શોભા એવી છે કે તેમના મુખાર્વિન્દને જોઈને મનુષ્યોના નેત્રો જેમ માનસ સરોવરના ભમરાઓ કમળની સુગન્ધ લેવામાં મગ્ન બની જાય છે તેમ સર્વ જોનારાઓની આંખો સ્થિર થઈ જાય છે. એવી અદ્ભુત કમળની પાંખડી જેવી વિશાળ તેમની આંખો છે. તે આ ધર્મદેવના પુત્ર શ્રીહરિ ભગવાન શ્રીસ્વામિનારાયણનું હું મારા હૃદયમાં સ્મરણ ચિન્તન રૂપ ધ્યાન કરૂ છું. (૪)

**યઃ પોષયત્યત્ર નિજાન સ્વકીયજ્ઞાનોપદેસેન સુધોપમેન ।**
**વત્સાન્ સુશિલા પયસા યથા ગૌઃ ધ્યાયેહરિં તં હૃદિ ધર્મપુત્રમ્ ॥૫॥**

જેવી રીતે સુરભી કામધેનુ શ્રેષ્ઠ દુગ્ધવાળી ગાય પોતાના વાછરડાને અમૃત જેવા મીઠા દુગ્ધથી તેનું પોષણ કરે છે અને રક્ષણ પણ કરે છે. તેમ જ ભગવાન શ્રીહરિ સ્વામિનારાયણ પણ પોતાના આશ્રિત ભક્તોનું પોતાના જ્ઞાનોપદેશ વચનામૃતો દ્વારા સર્વ પ્રકારે તેનું પોષણ કરીને અન્તઃશત્રુઓથી તેમનું સર્વ પ્રકારે રક્ષણ પણ કરે છે. તે આ ધર્મદેવના પુત્ર શ્રીહરિ ભગવાન શ્રીસ્વામિનારાયણનું હું મારા હૃદયમાં સ્મરણ ચિન્તન રૂપ ધ્યાન કરૂ છું. (૫)

**પાખણ્ડધર્માધ્યુદયેન યસ્ય શાક્તાઃ વ્યલીયન્ત યતોદિતોડર્કે ।**
**ઘૂકા વૃષદ્વેષિણ એવ ચાન્યે ધ્યાયેહરિં તં હૃદિ ધર્મપુત્રમ્ ॥૬॥**

પૃથ્વી ઉપર જ્યારે સૂર્યનો ઉદય થાય છે ત્યારે સમગ્ર અન્ધકાર માત્રનો નાશ થાય છે. તેવી જ રીતે આ પૃથ્વી ઉપર જ્યારે આ ભયાનક કળિકાળમાં સ્વયં ભગવાન શ્રીસ્વામિનારાયણ સ્વરૂપે પ્રગટ પ્રમાણ વિચરણ કરે છે. તેમના પ્રભાવથી દુષ્ટ કર્મ કરનારા અને ધર્મનું અપમાન કરનારા દંમ્ભ અને આડમ્બર કરીને ભોળી પ્રજાને છેતરનારા પાખંડીઓ જીવહિંસા કરનારા માંસ મદિરાનું ભક્ષણ કરનારા એવા અધર્મીઓનો આપોઆપ જ વિનાશ જેણે કર્યો છે એવા તે આ ધર્મદેવના પુત્ર શ્રીહરિ ભગવાન શ્રી સ્વામિનારાયણનું હું મારા હૃદયમાં સ્મરણ ચિન્તન રૂપ ધ્યાન કરૂ છું. (૬)

**યત્યાદપમેડક્ષરમુક્તચેતો ભૃગાં રમન્તે સરસીવમીનાઃ ।**
**આસેવ્યમાને ભુવિ ભૂરિભક્તૈઃ ધ્યાયેહરિં તં હૃદિ ધર્મપુત્રમ્ ॥૭॥**

જેવી રાતે સુગંધવાળા ફુલોને વિંટળાઈને ભમરાઓ ગુંજારવ કર્યા કરે છે. તેમ જ પોતાના દિવ્ય અક્ષરધામમાં અક્ષરમુક્તો જેમની ચારેય બાજુ તેમના ગુણોનું ઐશ્વર્યોનું સદા ગાન કર્યા કરે છે. તે જ પરંબ્રહ્મ પરમેશ્વર આજ પૃથ્વી ઉપર માનવ શરીરે વિચરણ કરે છે અને અસંખ્ય એકાન્તિક ભક્તો તેમની ચારે બાજુ તેમના ગુણોનું અને યશનું ગાન કરતાં સેવામાં તત્પર રહે છે. તે આ ધર્મદેવના પુત્ર શ્રીહરિ ભગવાન શ્રીસ્વામિનારાયણનું હું મારા હૃદયમાં સ્મરણ ચિન્તન રૂપ ધ્યાન કરૂ છું. (૭)

**યદીયસૌન્દર્યગુાદિપારં શેષદયો યાન્તિ યસ્ય ભક્તાઃ ।**
**વાંચ્છન્તિનાપ્યક્ષરસૌખ્યમન્તાઃ ધ્યાયેહરિં તં હૃદિ ધર્મપુત્રમ્ ॥૮॥**

સ્વયં શેષજી કે સાક્ષાત્ શારદાદેવી માં સરસ્વતીજી પણ જેમના ગુણો અને ઐશ્વર્યોનું રૂપનું સૌન્દર્યનું પૂરેપુરૂ વર્ણન કરી શકતા નથી. તેવા જેમના અનન્ત ગુણો અને અપાર રૂપસૌન્દર્યનું રસપાન કરતાં એકાન્તિક ભક્તો આ દર્શન સેવાનું સુખ મુકીને અક્ષરબ્રહ્મનું સુખ ઐશ્વર્ય પણ ઈચ્છતાં નથી તેમના એકાન્તિક ભક્તો બીજા કોઈ સુખ કે ઐશ્વર્યને ક્યારેય ઈચ્છતાં જ નથી. તે આ ધર્મદેવના પુત્ર શ્રીહરિ ભગવાન શ્રીસ્વામિનારાયણનું હું મારા હૃદયમાં સ્મરણ ચિન્તન રૂપ ધ્યાન કરૂ છું. (૮)

**સ્રગ્ધરાવૃત્તમ્ ॥**

**ગોપાલાન્દાનામ્ના રચિતમતિશુભંત્વષ્ટકં સન્મયેદં પ્રીત્યૈ**
**શ્રી ધર્મસૂનોઃ પ્રગટભગવતઃ સ્વામિનારાયણ સ્વ ।**
**તન્મહાત્મ્યાવબોધં ચ ઇદમિહ જનઃ શ્રાવયેત્કીર્ત્તયેદવા સ**
**સ્યાદ્વૈ બ્રહ્મરુપઃ હરિરતુલમુદં ચાપ્નુયાત્તત્ર ધાર્મિઃ ॥૯॥**

અક્ષરમુક્ત સદ્ગુરૂ શ્રીગોપાળાનંદ સ્વામી કહે છે કે મેં આ જે અષ્ટકની રચના કરી છે તે માત્ર ને માત્ર મનુષ્ય દેહ ધારી રહેલાં પ્રગટ પ્રમાણ શ્રીહરિ ધર્મદેવના પુત્ર ભગવાન શ્રીસ્વામિનારાયણની કેવળ પ્રસન્નતા માટે જ આ શુભ ગુણયુક્ત અને સૌનું શુભ મંગલકારી આ અષ્ટકની રચના કરી છે. શ્રીહરિનો અપાર મહિમાં વાળા આ અષ્ટકનું જે કોઈ મનુષ્ય શ્રદ્ધા ભક્તિ ભાવપૂર્વક શ્રવણ કરશે કે તેનું ગાન કરશે તે સર્વ બ્રહ્મરૂપ થશે અને અક્ષરમુક્તની પદવીને પ્રાપ્ત કરશે. બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મ પરમેશ્વરના આ અષ્ટકનું જે ગાન કે શ્રવણ કરશે તેના ઉપર ધર્મદેવના પુત્ર શ્રીહરિ ભગવાન શ્રીસ્વામિનારાયણ નિશ્ચય જરૂરથી અતિ પ્રસન્ન થશે. (૯)

# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વચનમાંથી

- સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

દુનિયામાં ઘણા ઘણા ઉપદેશ આપે છે. કોઈ કહે આમ કરો, તેમ કરો, ફલાણુ કરો, ઘણું કરવામાં ક્યાંક ભગવાન ભૂલાઈ પણ જતા હોય છે. આપણને ભગવાન કેવા સરળ મળ્યા છે ! આપણા ભગવાને - જ્ઞાતિ-જાતિ જોયા વિના સૌને જીવન જીવવાનો સાચો રાહ બતાવીને સૌને સુખિયા કર્યા છે.

જાડી કંઠી પહેરવાથી કે મોટો ચાંદલો કરવાથી જાડા ભક્ત કે મોટા સત્સંગી નથી થવાતું. કંઠી- ચાંદલો પ્રતિક રૂપે છે. ચાંદલાનું પ્રતિક આપણે ક્યાં જવાનું છે તેની યાદ અપાવવા માટે છે. દર્પણના ઉપયોગથી તિલક-ચાંદલો શોભનીય થાય એ સારું છે પરંતુ દર્પણથી આપણી જાત જોવી. એ વધારે શ્રેયસ્કર છે. દર્પણ હાથમાં લઈ ક્યાં જવાનું છે એ નક્કી કરવું. દર્પણથી ચાંદલાની સાઈઝ કે Dimension (પરિણામ) જોવાની જરૂર નથી. કપાળમાં કદાચ ત્રાંસો ચાંદલો થઈ જશે તો પણ ભગવાન તો જોઈ લેશે. આપણે કોઈને દેખાડવા માટે નથી કરતા એટલે ક્યારેક ત્રાંસો પણ થઈ જાય. તિલક-ચાંદલો કરવો એ જ મહત્વનું છે. આજકાલ યુવાન છોકરાઓમાં એવી Style (ફેશન) નીકળી છે કે વાળ ઓળવા માટે દર્પણ સામે ૧૫ મિનિટ કાઢી નાખે. ફેશન માટે શું કામ બદનામ કરો છો બહેનોને ? બહેનો પણ વિચારતા હશે કે આ હવે દર્પણ સામેથી નીકળે તો સારુ ! પાટોત્સવના દિવસે ખાસ વિચાર કરવો કે મારા જીવનમાં કેટલા અંશનો ફેરફાર થયો ? આખો દિવસ મંદિરનું નથી કહેતો, આખો દિવસ મંદિર રહો તો કદાચ ભગવાન પણ કંટાળે ! પણ **જરૂરિયાત એ છે કે ભગવાન ભૂલવાથી નહી ચાલે. આપણે સુખી છીએ તેનું કારણ એ છે કે આપણને ભગવાન મળ્યા, સત્સંગ મળ્યો અને ધરોહર મળી છે તેને જાળવવી પડશે, તેમાં છૂટકો નથી.**

મંદિરે જઈએ પછી એ મંદિર આપણા ઘરમાં લાવવાનું હોય છે. આપણા ઘેર સિંહાસનમાં કે ગોખલામાં ભલે નાના જ ભગવાન હોય, તેના માટે ફક્ત એકાદ-બે કે પાંચ મિનિટ સમય ફાળવો. વધારે ફાળવો તો સારુ જ છે પરંતુ થતું હોય છે એવું કે આપણે આપણા ઘરના ભગવાનને લગભગ outside (પરાયા) કરી દીધા હોય છે ! દાડિયા રાખ્યા હોય એટલે ખેતર લણવું ન પડે. બીજા લણી લે. એમ આપણે બહેનોને ઓર્ડર કરી દઈએ છીએ કે દીવો કરી દેજો. આરતી કરી દેજો. આપણે જાણે દેવતા હોઈએ અને ઉપરથી ઉતર્યા હોઈએ એવું કરીએ છીએ ! દુનિયામાં આવું ચાલે છે. બહેનો પાંચ વાગે ઉઠે. પોતાનું નિત્ય કર્મ, ઠાકોરજીને નાસ્તો, દીકરા-દીકરીઓ સ્કુલે જતા હોય તો તેની તૈયારી, તેમાં આપણને મદદ કરતા કોઈ જોઈ જાય તો પાછા આબરુના કાંકરા થઈ જાય. એટલે એટલું તો જરૂર યાદ રાખવું કે કરનાર કોઈક છે. પડદા પાછળ રહીને કરે છે, એટલે જ અહીં પહોંચ્યા છીએ. તાળું મારીને નથી નીકળાતું.

આ ગામમાં (મેરાની મુવાડી) દેશી નળિયાના મકાન છે. આ માથે ફાળિયા વાળા અને હાથમાં લાકડી વાળા દાદાના પૂર્વજોએ ગામ વસાવ્યા. તેઓએ મકાન પાકા નથી કર્યા પરંતુ દેવની દેરી પાકી બનાવતા. તમે દુનિયાનો ઈતિહાસ જુઓ, શરૂઆતમાં ક્યાંય પાકા મકાન કે મોલ તો બનતા જ નહોતા. ભગવાન મળ્યા અને ભગવાન રાખ્યા તો આટલું મળ્યું, નહીં તો કોઈના ઠેકાણા ન હોત. એટલે મોલ માટે ભગવાન નથી રાખવાના. પરંતુ એટલું યાદ રાખવું કે ભગવાન વિના આપણે કંઈ કરી શકતા નથી. આપણાથી એક શ્વાસ પણ લઈ શકાતો નથી. રાત્રે ઉંઘી જઈએ ત્યારે શ્વાસ કોણ લેવડાવે છે ? ઉંઘમાં શ્વાસ લેવાનું ભૂલી જવાય તો સવારે ઉઠી શકીએ ? ઉકલી જવાય ! એટલે સુરક્ષા ભગવાન થકી જ છે.

૧૦ X ૧૫ ની ઓરડીમાં જે સુખ આવે તે બંગલામાં ન આવે, **બંગલામાં જઈને સુખી એ થયા છે જેણે ભગવાનને રાખ્યા છે. જો ભગવાન ન રાખ્યા હોય તો માણસ બંગલામાં જઈને પણ દુઃખી થાય છે.** અને ઓછામાં પૂરું થતું હોય તો શું વાંધો છે ? મોટો બંગલો હોય તો મેઈન્ટેનન્સ વધાર આવે. હવે આમ કરીએ, હવે તેમ કરીએ, તેનો છેડો આવે તેમ નથી માણસનું મૃત્યું આવે તોય પુરું થાય નહી. આ હકીકત છે.

દેશમાં ભ્રષ્ટાચાર મટવાનો નથી. કારણ કે કામ

કરાવવા આપણને લાલચ આપવાની ટેવ પડી છે. આપણે હનુમાનજી આગળ એક ચમચી તેલમાં કેટલા સંકલ્પ કરીએ છીએ. હનુમાનજીને શું આપણે દાડિયા તરીકે રાખ્યા છે ? ભગવાન સમક્ષ સંકલ્પ ન કરો. **ભગવાનનું દર્શન કરો, દર્શન કરો એટલે કામ થવાનું જ છે. દુઃખ આવે ત્યારે ભગવાન પાસે જઈએ તેના કરતા સુખ હોય ત્યારે ભગવાન પાસે જશો તો દુઃખ નહીં આવે. આ હકીકત છે. પરંતુ દુઃખની વાત એ છે કે આપણને ઉંડું ડગલું ભરવાની ટેવ પડી છે.**

બધા ચાળા કર્યા, કોઈ ચાળા બાકી રાખ્યા નથી. **એક ભગવાનનો ચાળો કોઈએ ન કર્યો અને હકીકતમાં એ ચાળો કરવા લાયક છે. ખાલી ત્રણ જ મહિના મંદિરમાં જઈને ૧ મિનિટ માટે પણ ભગવાનનું દર્શન કરી આવો અને પછી જો તમે Fail જાવ તો દુકાન બંધ કરી દેજો. (મંદિરે જવાની) હું લખીને આપી છું કે તમારો પરિવાર સુખી થશે. દીકરા-દીકરીઓ પરિવારમાં ફેર ન પડે તો કહેજો. બહું મોટો ફેર પડશે. પરિવારમાં વિચારવાની તાકાતમાં ફેર પડી જશે. ફેર ન પડે તો મૂકી દેજો. કારણ કે આપણા મંદિરમાં ભગવાન પ્રત્યક્ષ છે. માટે દર્શન માટે જેટલો સમય મળે તેટલો ફાળવશો. મંદિર તમારું છે અને તમારે સાચવવાનું છે.**

**ભગવાનના સાચા ભક્તને કોઈની પાસે માંગવાનું થાય એવું મેં ક્યાંય જોયું નથી. કોઈ ભક્તને રોડ ઉપર માંગતો જોયો નથી.** હા, મોટા પ્રસંગ હોય અને ખોટા ભક્તો માળા-કંઠી પહેરીને ખીસા કાપી જાય એ જુદી વસ્તુ છે. કારણ કે એ તો એનો બિઝનેશ થયો. સાચા ભક્ત કોઈના ખીસા કાપતા નથી. **સ્વામિનારાયણ ભગવાને કહ્યું, મારો આશ્રિત અન્ન, ધન, વસ્ત્ર અને આબરું એ ક્યારેય દુઃખી નહી થાય. વિચાર કરો, આટલી ગેરંટી કોઈ લેવા તૈયાર છે ?** કોઈના પિતા પણ પોતાના પુત્ર માટે આટલી ગેરંટી ન લઈ શકે. હા. કદાચ સંપત્તિનું will વિલ (વસિયતનામું) કરી આપે. અધકચરું ! કોઈના બાપની ગેરંટી નથી કે આ ચાર બાબતથી તે અન્યને સુખી કરી શકે ! **ભગવાને કીધું છે એટલો વિશ્વાસ રાખો તો કામ થશે.**

**સુખ હૃદયમાં - અંતરમાં વસે છે. માણસની ખોપરી પીડા સિવાય કંઈ આપવાની નથી.** હું જે સ્થિતિમાં સૂઈ જઉં છું એ જ દશામાં જાગી જઉં છું. સુખી છું. કારણ કે બધું ભગવાન ઉપર છોડ્યું છે. આપણી તાકાત છે ? ક્યાં શું લખ્યું છે ? એ નક્કી થાય છે ? એક કટાઈ ગયેલી સ્ટોપર બંધ કરતા પણ જો ક્યારેક આંગળીમાં ચીપટી આવી જાય તો પણ કેટલાય ટાઈમ સુધી પીડા રહે છે. કોઈ અમરપટ્ટો લઈને આવ્યું નથી. માટે ભગવાન ઉપર શ્રધ્ધા અને વિશ્વાસ રાખીને જીવન જીવવું. માત્ર ભગવાન જ શા માટે ? ભગવાનના સાચા ભક્તો ઉપર પણ વિશ્વાસ કરવો. અરસ પરસ સૌ ભક્તજનોએ પ્રેમ, લાગણી અને ગુણગ્રાહી બની જલસાથી જીવવું. દોષ અવગુણથી પર કોઈ નથી. માટે અરસ પરસ એક બીજાના દોષ જોયા વિના સંપ રાખી, ભગવાનને સાથે રાખીને ઉન્નતિ-પ્રગતિ કરવી.

તમારા નાના પુત્ર-પુત્રી કે પૌત્ર-પૌત્રી તમને પવાલું ભરીને પાણી પીવડાવશે તો કેવી ટાઢક વળશે ! એના માટે જ આ ભગવાન છે. **વડીલો નાના બાળકોને આંગળી ઝાલીને મંદિરે લઈ જાય તેમાં નહી પરંતુ બાળકો-નાના દીકરા-દીકરીઓ તેના વડીલોને આંગળી ઝાલીને મંદિરે લઈ જાય તેમાં જ સત્સંગની સાર્થકતા છે.**

મંદિર અને સત્સંગ માટે ટાઈમ કાઢવો પડે છે. ટાઈમ તો કોઈને ન હોય, અમને પણ નથી. પરંતુ **મજૂરને મજૂરનું કામ સોંપી દઈએ, તેવી રીતે મેનેજરને, આર્કિટેકને કે વકીલને પોતપોતાનું કામ સોંપી દઈએ તો ટાઈમ મળે.** ડહાપણ ડહોળીને વકીલની ફાઈલ હાથમાં લઈ ને કહીએ કે આનું જજમેન્ટ આમ કાઢવું છે તો મેળ ન પડે. **મહારાજે પણ કહ્યું છે ને કે જે કામમાં જે યોગ્ય હોય તે કામ તેને સોંપવું.**

ઘણાં વર્ષો પહેલા આ સભા મંડપમાં (અમદાવાદ મંદિર) ૨૦-૨૫ હરિભક્તો બેસીને ધનુર્માસમાં ધૂન કરતા હતા. પછી મોટા બાપજીએ નિયમિત ધૂનમાં બેસવાનું શરૂ કર્યું. એટલે સંખ્યા વધી ચાલી. આજે આ વિશાળ સભા મંડપ સંતો-હરિભક્તોથી ચિક્કાર ભરાઈ જાય છે. **આટલી વિશાળ સંખ્યામાં હરિભક્તો આવી કડકડતી ઠંડીમાં ગોદડા અને ખાટલાનો ત્યાગ કરીને ધૂનમાં બેસે છે. આ કંઈ સહેલુ નથી. દેવને ઓળખ્યા હોય ત્યારે આવું ભજન થાય છે. નિષ્ઠા અને સત્સંગ મજબુત જોઈએ. દુનિયામાં ઘણી જગ્યાએ ભજન થાય છે. પરંતુ દેવના સાનિધ્યમાં આવું ભજન થાય એ બહુ મહત્વનું છે.**

મહારાજે શાકોત્સવ કર્યો તેની સ્મૃતિ તરીકે આપણે શાકોત્સવ કરીએ છીએ. નકલ કરતા નથી. દુનિયામાં

અત્યારે ઘણા કારસ્તાન ચાલ્યા છે. આ કોઈનું નેગેટીવ બોલતા નથી. પરંતુ **સિધ્ધાંતની વાત એ છે કે બન્ને ગાદીના અત્યાર સુધીના જેટલા આચાર્ય થયા, તેઓની દરેકની આંગળી ભગવાન તરફ ગઈ છે.** કાર્ય ઓછું વતું થયું હોય પરંતુ **કોઈ આચાર્યએ સિધ્ધાંતમાં બાદબાકી કરી નથી.** શાકોત્સવની સીઝન નથી હોતી, સીઝન રીંગણાની હોય છે એટલે મારું તો એવું માનવું છે કે, **શાકોત્સવ પણ શક્ય હોય ત્યાં સુધી દેવની સાનિધ્યમાં થાય એ વધારે અનુસરણીય ગણાય.** આવતા વર્ષે આપણે દેવના પ્રાંગણમાં જ મોટો શાકોત્સવ કરીશું. વાહનો બહાર રાખજો. હું મારી ગાડી પણ બહાર મુકીને આવીશ. પાર્કિંગનો ના મેળ પડે તો થોડું ચાલીને આવીશું. ભગવાને પગ તો આપ્યા છે અને એ નિમિત્તે થોડું તો ચલાય અને આમ પણ ડગલે ડગલે અશ્વમેધ યજ્ઞનું ફળ મળે છે. કારણ કે મહારાજની સન્મુખ ચાલવાનું છે.

શાકોત્સવની પ્રસાદી જમો ત્યારે જમતા જમતા ગમે ત્યારે આ દેવને (નરનારાયણદેવ) સંભારીને એવો વિચાર કરજો કે આ રોટલો આપણને દેવ આપે છે, નહી તો આપણા સૌનું એક ટંકનું પણ પૂરું પડે તેવું નથી. દુનિયામાં બહાર જુઓ તો ખ્યાલ આવે, આપણે અહીં લાંબી લાઈન હોય છે પ્રસાદીની, જમવાની નહીં. **સવારે શણગાર આરતીમાં દેવોને (અમદાવાદ મંદિર) ફ્રૂટસ વગેરે ધરાવ્યું હોય છે તે તમારી પાસે પ્રસાદી તરીકે પહોંચે છે. એટલે પ્રસાદીનો પણ એક મહિમા હોય છે.**

તમને ભગવાનને ચડેલું તુલસીપત્ર આપીએ તો તમે કેટલા રાજી થઈ જાઓ છો ? અમને તો પાટોત્સવના દિવસે ભગવાનનો સ્પર્શ થાય છે. **મહારાજનું વચન છે કે પાટોત્સવ, પૂનમ અને એકાદશીએ વણતેડાવ્યે આવવું, પત્રિકા ન જોઈએ. આપણે બધા આ દેવ થકી રૂડા થવાના છીએ. દેવ છે તો આપણે છીએ. માટે આપણે આ ભગવાન સાચવવાના છે. આ ભગવાન આપણને બીજી વખત નહીં મળે. માટે આ નરનારાયણદેવનો આશરો ક્યારેય મૂકવો નહી. સો વાતની એક વાત છે કે આ દેવને અંતરમાં ઉતારીને રાખજો અને એ વારસામાં આપજો.**

**દેવમાં સંપૂર્ણ શ્રધ્ધા, વિશ્વાસ અને નિષ્ઠા જોઈએ. અને હકીકતમાં કલ્યાણ થવાનું હશે તો આ દેવ (નરનારાયણદેવ) થકી જ થવાનું છે. કોઈના બાપની તાકાત નથી કે કલ્યાણ કરી શકે કે શાપ આપીને સત્ય કરી શકે.** ઘણા નરકમાં મોકલવાના વીઝા લઈને કે સ્ટેમ્પ લઈને બેઠા હોય તેમ બીજાને શાપ આપતા હોય છે. પોતાનું સંભાળીને બેસે તો ઘણું છે. **અમો તો આ દેવના છીએ. 'જેવા તેવા પણ પુત્ર તમારા અણસમજુ અહંકારી રે.... નંદ સંતોના આ શબ્દો છે. માટે દેવના થઈને રહીશું તો કોઈનું બળ ચાલવાનું નથી.**

અનુ. પેજ નં. ૭ નું ચાલુ

સંપ્રદાયના શિરમોડ શાસ્ત્ર વચનામૃતમાં સુવર્ણ અક્ષરે લખાય ગયું છે. શ્રીજીમહારાજ જે ભક્તની રચનાઓને સ્વમુખે કહે તે પ્રસાદી બની જાય છે.

સર્વાવતારી શ્રીહરિ ભક્તકવિ રણછોડદાસની અગમવાણીને પૂર્ણ કરવા વિ.સં. ૧૮૬૮ ની સાલમાં કઠલાલથી સત્સંગ વિચરણ કરતા કરતા તોરણા ગામે પરમહંસોની મંડળી લઈને પધાર્યા હતા. અહીંના રણછોડ ભક્તએ ધામમાં જતા પહેલા તેમના ભક્તોને એમ કહ્યું હતું કે, આગળમાં જે ભગવાન પ્રગટ થશે તે મારી ગાદી ઉપર આવીને બેસશે. એટલે ભક્તનું વચન સત્ય કરવા શ્રીજીમહારાજ તેમની જગ્યામાં પધાર્યા ને રણછોડ ભક્તની ગાદી ઉપર જઈને બિરાજમાન થયા. ત્યારે તેમના સેવક હતા તે કહે મહારાજ ! મહારાજ ! આપ ભગતની ગાદી ઉપર કેમ બેઠા ? ત્યારે શ્રીજીમહારાજ કહે અમે ભૂલી ગયા. તો પણ રણછોડ ભક્તના સેવકો આગમવાણીને યાદ કરી ન શકતાં ભગવાનને ઓળખી ન શક્યા. શ્રીહરિએ મંદિરમાં સોના મહોરનું દાન કર્યું હતું. આ પ્રસંગને હાલના વંશજ ભગત સારી રીતે જાણે છે.

**ગામ તોરણામાં મુક્તનાથ, ઘણા સંત હરિજન સાથ ॥**
**રણછોડ ભક્તની ગાદી પર, પોતે બેઠા છે શ્યામ સુંદર ॥**

આ પ્રસાદીનું તોરણા ગામ અમદાવાદથી ૪૦ કિલોમીટર દૂર છે. ત્યાં શ્રીહરિની પ્રસાદીની ગાદીનાં દર્શન થાય છે. ત્યાંનાં સેવકો પણ જાણે છે કે, આ ગાદી સ્વામિનારાયણ ભગવાનની પ્રસાદીની છે.

# ઠાકોરજીની સેવા રીતિ - નમ્ર નિવેદન

- ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

આપણા સત્સંગિજીવન, શિક્ષાપત્રી, વચનામૃત આદિક સત્શાસ્ત્રોના આધારે મૂળ સ્વામિનારાયણ સંપ્રદાયમાં સ્વયં શ્રીહરિ તેમજ ધર્મવંશી આચાર્યશ્રી દ્વારા શ્રીહરિના સ્વરૂપોની પ્રાણ પ્રતિષ્ઠા થાય છે તે મૂર્તિઓમાં અને અક્ષરધામમાં બિરાજમાન પુરુષોત્તમ નારાયણમાં લેશ માત્ર કે અણુંમાત્ર ફેર નથી. **ધાતુ પાષાણની મૂર્તિ હોય કે ચિત્ર પ્રતિમા હોય પરંતુ તે મૂર્તિ સ્વરૂપે આપણને પ્રગટ ભગવાન મળ્યા છે. જેના પ્રમાણરૂપે આ મૂર્તિઓ દ્વારા સત્સંગ સમાજ તેમજ અન્ય ધાર્મિક જનોને પણ અનંત પરચાની અનુભૂતિ થાય છે.** પરંતુ બને છે એવું કે જાણે - અજાણે ક્યારેક આપણને મળ્યા જે આ પ્રગટ ભગવાન તેની સેવા રીતિમાં શ્રીહરિને ન ગમતી સેવા કરીને મર્યાદાનો ભંગ આપણે કરતા હોઈએ છીએ.


આ જ પ્રકારનું એક ધાર્મિક સૂચન શ્રી વડતાલધામ સત્સંગ એપ્રિલ-૨૦૧૮ ના અંકમાં પણ પ્રકાશિત થયેલું. તેમ છતા આજે પણ ઘણા મંદિરોમાં આ સૂચનનો અમલ થતો જોવામાં આવતો નથી. અમદાવાદ ગાદી હોય કે વડતાલ ગાદી હોય પરંતુ ઠાકોરજીની સેવા રીતિ અને સાંપ્રદાયિક નીતિ - નિયમો તેમાં કોઈ ફેરફાર હોય શકે નહિ, માત્ર વહીવટી સરળતા માટે જ શ્રીજીમહારાજે બે ગાદી કરી બે વિભાગ કર્યા છે. તે હેતુથી આ ધાર્મિક નિવેદન સાભાર સ્વીકાર કરીને આપણા શ્રી સ્વામિનારાયણ માસિકમાં પણ નીચે મુજબ પ્રકાશિત કરવામાં આવે છે કે જેથી સંપ્રદાયમાં દરેક સંતો-હરિભક્તો આ બાબતથી વાકેફ થાય.

**સંત-હરિભક્તોને નમ્ર સૂચન**

આપણા સંપ્રદાયમાં તમામ શિખરબધ્ધ મંદિરો, તથા હરિમંદિરોના કોઠારીશ્રીઓ તથા ભાવિક હરિભક્તોને જણાવવાનું કે, આપણા મંદિરોમાં વર્ષ દરમ્યાન આવતા પાટોત્સવો, અધિક માસના પાટોત્સવો તથા અન્ય મહોત્સવના દિવસોએ મૂર્તિઓને અભિષેક કરવામાં આવે છે. તે અભિષેક દરમ્યાન અતિ શ્રધ્ધાવાન હરિભક્તોને વશ થઈને અભિષેકમાં વિવિધ પ્રકારનાં ફળોના રસ દ્વારા અભિષેક કરવામાં આવે છે જેના કારણે શ્રીજીમહારાજે આપેલા દિવ્ય સ્વરૂપો ઉપર ખાટા - ગળ્યા રસોના કારણે એસીડીક - કેમિકલની અસર ધીરે ધીરે થાય છે. અને મૂર્તિઓને ખૂબ જ નુકશાન થાય છે. કારણ કે મૂર્તિઓ આરસ તથા પંચધાતુથી નિર્મિત છે. **અને આગલા દિવસે રસ કાઢેલો હોવાથી તેમાં દુર્ગંધ પણ આવે છે અને ૮-૧૦ કલાકમાં કેમીકલ પ્રોસેસ દ્વારા રસોના ગુણધર્મમાં બદલાવ પણ આવે છે. જેના કારણે તે રસ જો આપણા શરીરને અડે તો ખંજવાળ તથા બળતરા થાય છે. જે વિચાર ઠાકોરજી માટે પણ આપણે કરવાનો છે. જેના કારણે શ્રીજી કૃપાથી મળેલા સ્વરૂપોને આપણી શ્રધ્ધાની, પ્રેમની અતિ આગ્રહની ભાવનાને કારણે નુકશાન થાય છે.** તો દરેક સંતો ભક્તોએ ખાસ ધ્યાન રાખવું કે **દૂધ, દહીં, ઘી, મધ, સાકર, કલર વગરનું ચંદન તથા કેસર જળ સિવાય કોઈપણ પ્રકારના રસો વિગેરેથી અભિષેક કરવો નહી.** તથા સુજ્ઞ હરિભક્તોને આગ્રહ કરી સંતોને શરમમાં નાંખી **શ્રીજીમહારાજના ગુનેગાર થવું નહી. આપણા સંપ્રદાયની પરંપરા તથા મર્યાદા એ ભગવાનના રાજીપાનું કારણ છે.**

**શ્રી સ્વામિનારાયણ અંક ન મળવા અંગે સૂચન**

આપણું શ્રી સ્વામિનારાયણ માસિક છેલ્લા ઘણા વરસોથી દર માસની ૧૧ તારીખે ચોક્કસાઈ પૂર્વક નિયમિત મેઈલ કરવામાં આવે છે. છતાં ઘણા ને અંક મોડા મળે છે. મળતા નથી એવી ફરિયાદ આવે છે. જેથી જેમને અંક ન મળતા હોય તેમણે પોતાની સ્થાનિક પોસ્ટમાં લેખિતમાં ફરિયાદ કરવી અને શક્ય હોય તો અવાર-નવાર મંદિર દર્શને આવતા હોય તો રૂબરૂ અંક લઈ જવા અમારૂં સૂચન છે. કાર્યાલયમાંથી નિયમિત રૂપે દરેકના અંક સોર્ટિંગ કરીને રવાના કરાય છે. જે ફરિયાદ છે તે પોસ્ટ ખાતાની છે. અમે પણ પોસ્ટના જે તે વિભાગમાં આ અંગે રજૂઆત કરતા હોઈએ છીએ. અત્રેથી અંક સ્ટોકમાં હોય તો મોકલી આપવામાં આવે છે. ખાસ આપનું સરનામું ફેરફાર કે અંક ન મળવા અંગે આપનો સભ્ય નંબર જણાવવો જરૂરી છે. જેનું ખાસ ધ્યાન રાખવું.




# મૂર્તિ

- જયંતિભાઈ કે. સોની (મેમનગર)

શિક્ષાપત્રી શ્લોક ૨૦૭, ''અને જે બાઈ-ભાઈ આ શિક્ષાપત્રી પ્રમાણે નહિ વર્તે તો તે અમારા સંપ્રદાય થકી બાહેર છે એમ અમારા સંપ્રદાયવાળા સ્ત્રી-પુરુષ તેમણે જાણવું.'' આનો સીધો અર્થ થાય છે કે મહારાજની આજ્ઞા પાળવાની આપણી પ્રાથમિક ફરજ છે. આપણા ઈષ્ટદેવની આજ્ઞા છે તેમાં નાની કે મોટી એવી કોઈ ગણતરી કરીને આજ્ઞા પાળવામાં શિથિલતા રાખવી નહિ. વચનામૃત લોયા-૪ ''જેને ભગવાનનો ને સંતનો માહાત્મ્ય જ્ઞાને સહિત નિશ્ચય હોય તેથી ભગવાનનો અર્થ ને સંતને અર્થે શું ન થાય ?'' ભગવાનની આજ્ઞાનું સાર-ધાર પાલન થાય જ. ભગવાન અતિ સમર્થ છે ને તેની આજ્ઞા બ્રહ્માદિક સમગ્ર દેવ પાળે છે. તથા કાળ-માયાદિક જે સર્વે બ્રહ્માંડનાં કારણ છે તે પણ ભગવાનના ભયથી સાવધાન થઈને ભગવાનની આજ્ઞામાં રહે છે. માટે ભગવાનનાં ભક્તોએ ભગવાનની આજ્ઞા અતિ દઢ કરીને માનવી તે જ ભક્તનું લક્ષણ છે. સત્સંગિજીવન પ્ર-૩ અધ્યાય-૨૮ આગળ શાસ્ત્રમાં મહારાજે કઈ કઈ મૂર્તિઓને માન્ય કરી છે. તે નીચે પ્રમાણે જણાવેલ છે.

(૧) પાષાણની (૨) કાષ્ઠની (૩) ધાતુની (૪) ચંદનની (૫) ચિંતરામણની (૬) રેત્તીમાંથી બનાવેલી (૭) મનોમયી અને (૮) સ્ફટિક આદિ મણીમાંથી બનાવેલી આ આઠ પ્રકારની મૂર્તિને શ્રીજીમહારાજે માન્ય કરેલી છે. આ સિવાયની અન્ય કોઈ મૂર્તિને મહારાજે માન્યતા આપી નથી. શ્રીજીમહારાજની આજ્ઞાનું જો પાલન જ કરવાની દઢતા હોય તો માન્ય કરેલી મૂર્તિઓ પૈકી મૂર્તિ હિંડોળામાં કે અન્ય દર્શનાર્થે મુકવી ફરજીયાત છે. આજકાલ મોટા ભાગે હિંડાળા દર્શનમાં પ્લાસ્ટીકની મૂર્તિઓનો બહોળા પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવે છે. પરિણામે ઘણા હરિભક્તો પણ આનું અનુકરણ કરીને પોતાના ઘરમાં પૂજાના સ્થાનમાં આવી પ્લાસ્ટીકની મૂર્તિઓનું પૂજન કરતા માલુમ પડે છે. આમ કરવાથી શ્રીજીમહારાજની આજ્ઞાનું સરેઆમ ઉલ્લંઘન થાય છે. અને ઈષ્ટદેવનો મોટો અપરાધ થાય છે. માન્ય મૂર્તિ પૈકી ચિત્રામણની મૂર્તિઓ હિંડોળામાં પધરાવવામાં આવે તો મહારાજની આજ્ઞાનું પાલન થાય અને મહારાજનો રાજીપો પ્રાપ્ત થાય. હિંડોળા દર્શન મોટા પાયા ઉપર શું કરવા કરીએ છીએ ? ફક્તને ફક્ત હરિભક્તોને મહારાજમાં શ્રધ્ધા દઢ થાય અને શ્રીજીમહારાજનો રાજીપો પ્રાપ્ત થાય. હિંડોળામાં ચોકલેટનાં હિડોળા કરવા તે અયોગ્ય છે. કારણ ગાળ્યા-ચાળ્યા વગરનું પદાર્થ નિષેધ કરેલ છે તે ચોકલેટની / ગોળીઓના જે કારખાના / ફેકટરીમાંથી લાવવામાંઆવે છે તેની શુધ્ધતાની કેટલી ખાત્રી ? માટે ભગવાનની આજ્ઞાનું પાલન કરવાની આપણા સૌ ભક્તોની જવાબદારી છે. માટે જ મહારાજની આજ્ઞા કરેલી મૂર્તિઓને જ હિંડોળામાં કે અન્ય દર્શનાર્થે પધરાવવી ને ચોકલેટ / ગોળીનાં હિંડોળાનો ક્યારેય આગ્રહ રાખવો નહિ. તો મહારાજનો રાજીપો પ્રાપ્ત કરી અક્ષરધામની પ્રાપ્તિ કરી શકાશે. માટે જ મહારાજને રીઝવવા સારું કરવું પણ લોક રીઝવવા સારુ કરવાની જરૂર નથી એ જ જીવનમાં ઉતારવાનું છે. અસ્તુ.

## શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં આપણા શહીદ જવાનોને શ્રધ્ધાંજલિ

શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તા. ૧૬-૨-૨૦૧૯ ના રોજ પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં પ્રસાદીના સભા મંડપમાં સવારે ૭-૩૦ થી ૮-૧૫ દરમ્યાન કાશ્મીરના પુલવામાં આપણા દેશના ૪૪ જેટલા જવાનો આંતકીઓના હુમલામાં શહીદ થયા તેવા પરમ વીરોને સંત-હરિભક્તો દ્વારા શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન કરીને શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી.

# નારણપુરા (અમદાવાદ) મંદિર
# સંકલ્પમૂર્તિ શ્રી ઘનશ્યામ મહારાજનો ભવ્ય અને દિવ્ય
# રજત જયંતી મહોત્સવ

- લેખન સંકલન - ડૉ. હર્ષદભાઈ ઝિંઝુવાડીયા (અમદાવાદ)

સર્વાવતારી પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમ ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની અસીમ કૃપાથી એવમ્ શ્રીનરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય મહારાજ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આશીર્વાદાત્મક આજ્ઞાથી એવમ્ પૂજ્ય મોટામહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનાં શુભાશિષ અને અખંડ સૌભાગ્યવંતા લક્ષ્મીસ્વરૂપા પૂજ્ય ગાદીવાળાશ્રી તેમજ વાત્સલ્યમૂર્તિ પૂજ્ય મોટાગાદીવાળાશ્રીનાં અંતરનાં આશીર્વાદ સહ તથા પ.પૂ. ભાવિ આચાર્યશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી નાં અધ્યક્ષસ્થાને શ્રી સ્વામિનારાયણ મંદિર નારણપુરા (અમદાવાદ) રજત જયંતી મહોત્સવ સં. ૨૦૭૫ મહા સુદ-૩ તા. ૦૮-૦૨-૨૦૧૯ મહા સુદ-૧૦ તા. ૧૫-૦૨-૨૦૧૯ પર્યન્ત સંપન્ન થયું.

આ મહોત્સવ અન્તર્ગત અનેક વિધ ધાર્મિક કાર્યક્રમ થયા. જેમાં શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ જ્ઞાનયજ્ઞ, શ્રી હરિ મહાવિષ્ણુયાગ, શ્રી સ્વામિનારાયણ મહામંત્રની અખંડ ધૂન-મંત્રજાપ યજ્ઞ, ઈષ્ટદેવ શ્રી ઘનશ્યામ મહારાજના દિવ્ય અને ભવ્ય પ્રાગટયોત્સવ, શ્રી હરિકૃષ્ણ મહારાજની સુવર્ણતુલા વિધિ, શ્રી વસંત રંગોત્સવ, છપ્પન ભોગ અન્નકૂટ સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનનો મહાપુષ્પાભિષેક, પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય મહારાજ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે મંદિરમાં બિરાજમાન સંકલ્પમૂર્તિ શ્રી ઘનશ્યામ મહારાજનો ૨૫મો - રજત જયંતિ પાટોત્સવ અભિષેક, મંદિરમાં બિરાજમાન દરેક દેવોને દરરોજ વિવિધ ફળો, 'મિઠાઈ, સુકોમેવો વગેરે અન્નકૂટના દર્શન અને પાટોત્સવના દિવસે ભવ્ય અને દિવ્ય અન્નકૂટ દર્શન, બ્રાહ્મણ બટુકોને યજ્ઞોપવિત સેવાયજ્ઞ વગેરે થયા. સામાજીક ક્ષેત્રે સમૂહ લગ્ન, રક્તદાન શિબિર, સર્વરોગ નિદાન, દરિદ્રનારાયણને બ્રહ્મભોજન અને દરરોજ સિવિલ હોસ્પિટલના જનરલ વિભાગમાં દરદીઓને ૧૦૦ કિલોથી વધુ ફળોની સેવા વગેરે કરવામાં આવી. નિજ મંદિરથી "શ્રી નરનારાયણ નગર" સુધી ભવ્ય અને દિવ્ય પોથીયાત્રા અને નગરયાત્રાનું સુંદર આયોજન, હિમાલય દર્શન દ્વારા શ્રી નિલકંઠવર્ણીનું સંપૂર્ણ વન વિચરણ દર્શન, પ્રદર્શન દ્વારા શ્રી સ્વામિનારાયણ ભગવાનનું સંપૂર્ણ જીવન દર્શન, દરરોજ રાત્રે સત્સંગ સમાજ માટે સંસ્કાર, સત્સંગ અને મનોરંજન કાર્યક્રમ, "સ્વચ્છતા ત્યાં પ્રભુતા" વિષય ઉપર પ્રેરણાદાયી જીવંત નાટક, ભ્રૂણ હત્યા ઉપર પણ સંદેશાત્મક નાટક, ભાગ્યવાન દરેક યજમાનોનું યથોચિત સન્માન, વ્યાખ્યાન માળા દ્વારા સંપ્રદાયના મૂર્ધન્ય અને વડીલ પૂજ્ય સંતોના સત્સંગ ઉદ્બોધન, ધાર્મિક - રાજકીય અને સામાજીક મહાનુભાવોના ઉદબોધનોનું આયોજન, મહોત્સવમાં પધારેલ દરેક પૂજનીય સંતો માટે મહાપ્રસાદનું આયોજન તેમજ પૂજનીય સાંખ્યયોગી માતાઓ માટે પણ મહાપ્રસાદનું અલગ આયોજન અને દરેક સત્સંગી હરિભક્તો માટે સવારનો નાસ્તો, બપોરે મહાપ્રસાદ અને રાત્રી ભોજનનું ખૂબ સુંદર આયોજન થયું હતું.

આ મહોત્સવમાં ગુજરાતના લોકલાડીલા મુખ્યમંત્રી ભાઈશ્રી વિજયભાઈ સાહેબ તેમજ નાયબ મુખ્ય મંત્રીશ્રી નિતીનભાઈ પટેલે પણ ઉપસ્થિત રહી સ્વજીવનની ધન્યતા અનુભવી હતી. આ સિવાય પણ ઘણા રાજદ્વારી મહાનુભાવો તેમજ ગુજરાતના અનેક ધર્મસ્થાનોમાંથી સંતો-મહંતો પણ પધાર્યા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી સ.ગુ. મહંત શાસ્ત્રી હરિઓમ સ્વામી સાત વર્ષથી અત્રે મંદિરમાં ઠાકોરજીની સેવા મહંતપદે રહીને કરી રહ્યાં છે

તેઓશ્રીએ છેલ્લા દોઢથી બે વર્ષ સુધી આ રજત જયંતી મહોત્સવને સંપૂર્ણ સફળતા મળે અને સંપૂર્ણ નિર્વિઘ્નપણે આ મહોત્સવ પરિપૂર્ણ થાય તે માટે રાત્રીના ઉજાગરા કરી ખૂબ જ મહેનત કરી છે. દરેક શિખરબંધ મંદિરોમાં સંતો અને સમર્પિત સેવક હરિભક્તો સાથે જઈને ૧૨-૧૨ કલાકની શ્રી સ્વામિનારાયણ ભગવાનના મહામંત્રની અખંડ ધૂન તેમજ શ્રી નારણપુરા મંદિર પાસે આવેલ આપણા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં પણ ૧૨ કલાકની શ્રી સ્વામિનારાયણ મહામંત્રની અખંડ ધૂનનું આયોજન કરેલ હતું. આ ઉપરાંત નારણપુરા નિજ મંદિરથી જેતલપુર મંદિર સુધીની પદયાત્રાનું પણ સુંદર ભવ્ય આયોજન કરવામાં આવેલ હતું.

આ સમગ્ર મહોત્સવ દરમિયાન અનેક વિધ પ્રવૃત્તિઓમાં સર્વ રોગ નિદાન સેવાયજ્ઞમાં આશરે ૫૦૦૦ દરદીઓએ લાભ લીધો હતો. રક્તદાન શિબિરમાં ૯૦૦ બોટલ બ્લડ, સમૂહ લગ્નમાં ૩૧ ભાગ્યવાન નવદંપતિઓએ પ્રસન્ન દામ્પત્ય જીવનનો મંગલ પ્રારંભ કર્યો હતો. ૧૫ બ્રાહ્મણ બટુકોએ યજ્ઞોપવિત સંસ્કાર ધારણ કર્યા હતા. આ મહોત્સવ દરમિયાન દરરોજ ૨૦ હજાર સત્સંગી હરિભક્તો ભોજન પ્રસાદ ગ્રહણ કરતા હતા.

આ મહોત્સવ અન્તર્ગત અનેકવિધ સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ સુંદર આયોજન કરેલ. જેમાં મહિલા મંચના દિવસે પૂજ્ય અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીની પણ પાવન ઉપસ્થિતિની સાથે સાથે મધ્યપ્રદેશના મહામહિમ રાજ્યપાલશ્રી આનંદીબેન પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ સમગ્ર મહોત્સવ દરમિયાન આશરે ૫૦૦ જેટલા બ્રહ્મનિષ્ઠ પૂજ્ય સંતો અને આશરે ૩૦૦ જેટલા પૂજ્ય સાંખ્યયોગી માતાઓએ હાજરી આપી હતી. અનેક મૂર્ધન્ય અને વડીલ સંતોએ પારાયણના દિવસો દરમિયાન સુંદર સત્સંગ ઉદ્‌બોધન દ્વારા સત્સંગી હરિભક્તોના સત્સંગના સંસ્કારોનું સુંદર રસપાન કરાવેલ હતું. આ દિવસો દરમિયાન અ.સૌ. લક્ષ્મી સ્વરૂપા પૂજ્ય ગાદીવાળાશ્રી અને વાત્સલ્યમૂર્તિ અ.સૌ. લક્ષ્મી સ્વરૂપા પૂજ્ય મોટા ગાદીવાળાશ્રીએ પધારીને સત્સંગી બહેનોને દર્શન-આશીર્વાદનો લાભ આપ્યો હતો. આ મહોત્સવનાં અધ્યક્ષ પરમ પૂજ્ય ૧૦૮ લાલજી મહારાજ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજે સમારંભના પ્રારંભે દિપ પ્રાગટ્ય દ્વારા સમારંભનો મંગલ પ્રારંભ કરાવ્યો હતો અને સર્વેને મહાઅલૌકિક દિવ્ય દર્શનનો લાભ આપ્યો હતો. મંદિરમાં ૨૫માં રજત જયંતી પાટોત્સવ અભિષેક પ્રસંગે પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ મંદિરમાં બિરાજમાન સંકલ્પ મૂર્તિ શ્રી ઘનશ્યામ મહારાજનો વેદોક્તવિધિ પૂરઃસર ષોડશોપચારે સહિત મહા અભિષેક પોતાના વરદ્ હસ્તે કરીને સર્વેને સુંદર દર્શન લાભ આપેલ હતો અને ‘‘શ્રી નરનારાયણ નગર’’માં પધારીને મહોત્સવની પૂર્ણાહૂતિ પોતાના વરદ્ હસ્તે કરી હતી અને સર્વેને પોતાના દિવ્યદર્શન અને પોતાના દિવ્ય શુભાશીર્વાદનો લાભ આપ્યો હતો.

નારણપુરા મંદિરમાં બિરાજમાન સંકલ્પ મૂર્તિ સર્વોપરી શ્રી ઘનશ્યામ મહારાજ તથા સમગ્ર ધર્મકુળની સંપૂર્ણ કૃપાથી અને વડીલ પૂજનીય સંતો અને સાંખ્યયોગી માતાઓના આશીર્વાદના ફળસ્વરૂપ આ મહામહોત્સવ સર્વોપરી અને સર્વ પ્રકારે સફળ અને યાદગાર બની રહ્યો. નારણપુરા મંદિરના પૂ. મહંત શાસ્ત્રી સ્વામી હરિૐપ્રકાશદાસજીના વક્તાપદે શ્રીમદ્ સત્સંગિજીવન કથા પણ અલૌકિક થઈ. હજારો મુમુક્ષુઓએ કથા શ્રવણ કરી જીવન ધન્ય બનાવ્યું.

આપણા શ્રી નરનારાયણદેવ પીઠ સ્થાન દ્વારા ઉજવાતા આપણા તમામ ઉત્સવો સર્વોપરી ઉજવાતા હોય છે તેમ નારણપુરા મંદિરનો રજત જયંતી મહોત્સવ પણ અદ્વિતીય સર્વોપરી હતો.

આ રજત જયંતી પાટોત્સવ મહોત્સવમાં તન-મન-ધનથી સેવા કરનાર તેમજ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે (ટી.વી.માં જોઈને) આ મહોત્સવના દર્શન અને કથાવાર્તાનું શ્રવણ કરનાર દરેક સત્સંગી હરિભક્તોને આ મહોત્સવ આજીવન સ્મૃતિમાં રહે અને પોતાના અંતકાળે આ મહોત્સવના માધ્યમથી શ્રીજી મહારાજની, સ્મૃતિ થઈ આવે તો પોતાના જીવાત્માનું પરમ કલ્યાણ પ્રાપ્ત થાય અને આ મહોત્સવનો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે લાભ લેનાર સર્વે સત્સંગી હરિભક્તોના આ લોકના સર્વે મંગલ મનોરથો પરિપૂર્ણ કરો એવી સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનના તેમજ શ્રીહરિના પરમ પવિત્ર સમગ્ર ધર્મકુળ પરિવારના શ્રીચરણોમાં કરબદ્ધપ્રાર્થના સાથે સર્વેને શ્રીહરિ સ્મૃતિ સહ સપ્રેમ જય શ્રી સ્વામિનારાયણ.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી....



આપણાં દરેક મંદિરોમાં ઠાકોરજીના સિંહાસન પર ગરૂડજીની મૂર્તિ પ્રસ્થાપિત કરવાની પરંપરા છેક વિશ્વના સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિર એવા કાલુપુરથી સંપ્રદાયમાં ચાલી આવે છે. ગરૂડ એ ભગવાન વિષ્ણુનું વાહન છે અને ગતિ તથા શક્તિ નું પ્રતિક છે. મંદિરમાં દર્શન કરતી વેળા સિંહાસનની આગળના ભાગમાં જ પ્રસ્થાપિત કરેલા ગરૂડજી ના સૌને દર્શન થાય છે અને તેનાથી જીવનમાં કે સત્સંગમાં મનુષ્યને ગતિ તથા શક્તિ પ્રાપ્ત થાય છે.મૂળી માં પણ આપણા મંદિરમાં શ્રી રાધાકૃષ્ણ ના સિંહાસન પર આ ગરૂડજીની સ્થાપના તે સમયે એટલેકે શ્રી રાધાકૃષ્ણદેવની પ્રતિષ્ઠાની સાથે કરવામાં આવી હતી તેથી આ ગરૂડજી શ્રીજી સમકાલીન પ્રસાદીના છે. મ્યુઝિયમના હોલ નં.૪ માં તાજેતરમાં જ રાખવામાં આવેલ છે.

આ ઉપરાંત આપણા મ્યુઝિયમમાં પ.પૂ.મોટા મહારાજશ્રીના સંકલ્પથી યજ્ઞશાળા બનાવવામાં આવેલ છે જેમાં દર રવિવારે શ્રી મહાવિષ્ણુયાગ યજ્ઞ કરવામાં આવે છે. જે યજ્ઞમાં બેસવાનો લાભ હરિભક્તોને મળે છે. સાંજે યજ્ઞની પૂર્ણાહુતિ પ.પૂ.મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે કરાય છે. જેનો લાભ ઘણા હરિભક્તોએ લીધેલ છે અને લેતા રહે છે. આપ પણ યજ્ઞમાં બેસવાનો આ મહામૂલો લાભ લેવા ઈચ્છતા હો તો શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમની ઓફિસમાં સંપર્ક કરશો.

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વરવાળી કોલરટ્યુન (ફક્ત વોડાફોન ધારકો માટે)**

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વવચનવાળી કોલરટ્યુન મોબાઈલમાં ડાઉનલોડ કરવા નીચે મુજબ કરવું.**

**મોબાઈલમાં ct>સ્પેસ> 270930 ટાઈપ કરી. 56789 નંબર પર SMS કરવાથી કોલરટ્યુન શરૂ થશે.**

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી ફેબ્રુઆરી-૨૦૧૯

| | |
|---|---|
| તા. ૦૩-૦૨-૨૦૧૯ | શ્રી પારૂલબેન મનીષભાઈ પટેલ - રાણીપ |
| તા. ૨૬-૦૨-૨૦૧૯ | શ્રી લક્ષ્મીબેન નિરવભાઈ પટેલ - લંડન |

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ ફેબ્રુઆરી-૨૦૧૯

| | |
|---|---|
| રૂા. ૧૧,૦૦૦/- | સી.એ. ઋત્વિજ રાજેન્દ્રકુમાર - લગ્ન પ્રસંગે |
| રૂા. ૧૦,૦૦૧/- | હરસુતા ચંદ્રકાંતભાઈ ભટ્ટ - વેજલપુર |
| રૂા. ૯,૦૦૦/- | ટેમ્પાવાળા હરિભક્તો સમસ્ત - અમદાવાદ |
| રૂા. ૯,૦૦૦/- | યુવક મંડળ સમસ્ત ટેમ્પાવાળા - અમદાવાદ |
| રૂા. ૯,૦૦૦/- | બાળ મંડળ સમસ્ત ટેમ્પાવાળા - અમદાવાદ |
| રૂા. ૯,૦૦૦/- | મહિલા મંડળ સમસ્ત - અમદાવાદ |
| રૂા. ૯,૦૦૦/- | ટેમ્પાવાળા સમસ્ત હરિભક્તો - અમદાવાદ |
| રૂા. ૯,૦૦૦/- | ટેમ્પાવાળા સમસ્ત બાળ મંડળ - અમદાવાદ |
| રૂા. ૯,૦૦૦/- | ટેમ્પાવાળા યુવક મંડળ - અમદાવાદ |
| રૂા. ૯,૦૦૦/- | હરિભક્તો સમસ્ત ટેમ્પાવાળા - અમદાવાદ |
| રૂા. ૯,૦૦૦/- | યુવક મંડળ સમસ્ત ટેમ્પાવાળા - અમદાવાદ |
| રૂા. ૫,૫૦૦/- | કુંદનબેન તથા વિમળાબેન - કપડવંજ |
| રૂા. ૫,૦૦૦/- | મીનાબેન કે. જોષી - બોપલ |
| રૂા. ૫,૦૦૦/- | ડૉ. કાંતિભાઈ પટેલ - ન્યુઝીલેન્ડ |
| રૂા. ૫,૦૦૦/- | અ.નિ. આનંદીબેન વાસુદેવભાઈ કાછીયા - બાલાસિનોર |

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.

મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬

**www.swaminarayanmuseum.org/com ● email: swaminarayanmuseum@gmail.com**







શ્રી સ્વામિનારાયણ મંદિર, નારણપુરા

રજત જયંતી મહોત્સવ



દીપ પ્રાગટ્ય





ઉદ્‌ઘાટન





રાજકીય મહાનુભાવો
ધાર્મિક મહાનુભાવો
પ્રદર્શન
પોથીયાત્રા
કથા શ્રવણ
સાંસ્કૃતિક કાર્યક્રમ


ઉદ્‌ઘાટન



આશીર્વચન


અખંડ ધૂન



વિષ્ણુયાગ યજ્ઞ


શાકોત્સવ


યજ્ઞશાળા દિપ પ્રાગટ્ય


યજ્ઞશાળા


સમૂહ યજ્ઞોપવિત


સમૂહ મહાપૂજા


પ્રતિદિન ધ્વજ વંદન


સમૂહ લગ્ન


શોભાયાત્રા
બ્લડ ડોનેશન કેમ્પ
મેડિકલ કેમ્પ
મહાપ્રસાદ
લેસર શો - રોશની

# કુમકુમનો ચાંદલો

- ગંગારામભાઈ એમ. પટેલ (પ્રાંતિજ)

સ્ત્રીનું સૌભાગ્ય ચાંદલો અન ચુડી છે એમ સત્સંગીનું સૌભાગ્ય તિલક-ચાંદલો છે. તિલક-ચાંદલો લક્ષ્મીજી અને નારાયણ બંન્નેનું સંયુક્ત ચિન્હ છે. ઉર્ધ્વપુંડ્ર તિલક એ પરમાત્માના ચરણનું ચિન્હ છે. અને ચાંદલો એ લક્ષ્મીજીનું પ્રતિક છે. ઘણા સંપ્રદાયમાં એકલું તિલક કરાતું હોય છે તો કેટલાક સંપ્રદાયમાં એકલો ચાંદલો જ કરાય છે. આપણા સ્વામિનારાયણ સંપ્રદાયમાં સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીમાં આજ્ઞા કરી છે કે સત્સંગી પુરુષમાત્રને ચાંદલે સહિત ઉર્ધ્વપુંડ્ર તિલક કરવું અને સુવાસિની સ્ત્રીઓએ પોતાના ભાલને વિષે કુમકુમનો ચાંદલો કરવો. તિલક-ચાંદલો એ સત્સંગીની ઓળખ છે.

કંકુનો ચાંદલો મસ્તક પર ધારણ કરનાર સ્ત્રી ઉપર રાધા-લક્ષ્મી ખૂબજ પ્રસન્ન થાય છે. તિલક અને ચાંદલો જોઈ રાધા-લક્ષ્મી પોતાનું ઘર માનીને સદાય નિવાસ કરે છે. અને ઘરમાં ધન, સંપત્તિનો વાસ થાય છે. માટે સવારના સ્નાન કર્યા પછી તિલક-ચાંદલો કરવો.

શ્રીકૃષ્ણ ભગવાને સુદામાને તિલક-ચાંદલો કર્યો તો તેના ઘેર સંપત્તિ અઢળક આવી.

અંબરીષરાજા ભગવાનનું મંદિર જાતે વાળતા, ગાયના છાણથી લીંપતા. દરરોજ સવારે ગંગાકિનારે સ્નાન કરવા જતા અને ગંગા કિનારે માટીથી તિલક કરતા.

એક દિવસ સવારના પહોરમાં વહેલી સવારે એક વૃધ્ધ માજી છાણનો ટોપલો ભરીને બેઠેલાં હતાં. કોઈ આવે તો જરા કહું કે આ ટોપલો માથા પર મુકાવે. ત્યાં આ અંબરીષ રાજા સ્નાન કરીને ગંગા કિનારેથી આવતા હતા. ધોતિયું, કપાળમાં તિલક જોઈને માજીએ આછા અજવાળામાં ઓળખ્યા નહીં. એમણે માન્યું કે કોઈ ''ભગતજી'' આવે છે એટલે કહ્યું ''ભગત જરા આ ટોપલો ચડાવશો ?'' અંબરીષ રાજાને આનંદ આનંદ થઈ ગયો. મારો તિલક-ચાંદલો જોઈને આ માજીએ મને ''ભગત'' કહીને બોલાવ્યો !! રાજાએ ટોપલો ચડાવ્યો અને માજીનું નામ-સરનામું જાણી લીધું. નાહી-ધોઈ, પૂજા-પાઠ કરીને રાજાએ કચેરીમાં આવીને બેઠા અને વૃધ્ધ ડોશીમાને રાજકચેરીમાં બોલાવ્યાં અને માજીનું સન્માન કરીને પાંચ ગામ બક્ષીસમાં આપી દીધાં.

માજીએ અંબરીષ રાજાને ''ભક્ત'' કહીને સંબોધ્યા એટલા આનંદમાં તો રાજાએ પાંચ ગામ બક્ષીસમાં આપી દીધા !! જો ભગવાનના ભક્તમાં આટલી શક્તિ, તાકાત, ઐશ્વર્ય હોય તો અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ પુરુષોત્તમ નારાયણ પોતાના ''ભક્ત''ને અનંતગણું ફળ આપીને સુખીયા કરે તેમાં શું નવાઈ છે ?

માટે ભગવાનના ભક્તે પરમાત્માના પ્રસન્નતાનું ચિન્હ તિલક-ચાંદલો કપાળમાં અવશ્ય રાખવો. સત્સંગીની ઓળખ તિલક-ચાંદલો છે. ચાંદલા વગરનો માણસ સરનામા વિનાની ટપાલ જેવો છે. માટે નોકરીએ જતાં, સ્કૂલ-કોલેજમાં જતાં કંકુનો ચાંદલો કરીને જતા શરમાવું નહી. તિલક-ચાંદલો કોઈ પણ કાર્યમાં વિજયતા, સફળતા અપાવે છે.

**-: રાગ ગરબી :-**

**રૂડી પૂનમ પવિત્ર રળીયામણી રે, આજ રાખો દર્શનનું નેમ**
**એમ નરનારાયણ બોલીયા રે ..... ટેક**
**સુખ સંપત્તિ ઘણી તેણે પામશો રે,**
**ઘણું રહેશે કુશળને ક્ષેમ..... એમ૦**
**ખાન પાન ધન ધામ ઘણું પામશો રે,**
**થાશે રિધ્ધિ સિધ્ધિનો જોગ..... એમ૦**
**વળી પ્રીતિ થાશે પરિબ્રહ્મમાં રે,**
**જાશે જન્મ મરણ મહારોગ..... એમ૦**
**વળી મારા પૂનમીયા પામશે રે,**
**રૂડાં જ્ઞાન ભક્તિને વૈરાગ્ય..... એમ૦**
**વળી સેવીને સાચા સંતને રે,**
**થાશે ભક્ત મોટા બડભાગ..... એમ૦**
**ધામ અક્ષર તુલ્ય અમદાવાદ છે રે,**
**આજ આથી અધિક નહિ ધામ..... એમ૦**
**પોતે પૂર્ણાનંદનો નાથજી રે,**
**સ્વામી સહજાનંદ જેનું નામ..... એમ૦**

# સત્સંગ બાલવાટિકા

**સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)**

**સહજાનંદી સિંહ**

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

ગોલીડા ગામની આ વાત બહુ સુંદર છે.

આપણે બધા યાત્રા કરવા જઈએ છીએ પણ મોટું ગામ હોય ત્યાંજ જઈએ છીએ પણ નાના નાના ગામોના તીર્થો લગભગ આપણે ભૂલી જઈએ છીએ.

વાત એમ છે કે, ગોલીડા ગામમાં ચાર ભાઈઓ, ચારેય જુવાનીયા, જ્ઞાતિથી રાજગોર બ્રાહ્મણ, પાકા સત્સંગી, સ્વામિનારાયણ ભગવાનનું ભજન કરે. સત્સંગી એવા સાચા, એવા પાકા કે ન પૂછો વાત. ચારેય ખેતી કરતા અને હૈયામાં સ્વામિનારાયણ ભગવાનની નિષ્ઠા. શ્વાસે શ્વાસે ભગવાનના નામની સુગંધ ભરેલી. અને બળ પણ એવું.

એક દિવસ આ ચારેય ભાઈ ખેતરથી ઘેર આવતા હતા. સાંજનો સમય હતો. એમણે નજરે એક બનાવ દેખ્યો ગામની ભાગોળે બે જમદૂત દેખાયા. બે જમદૂતો એક પાપી જીવને લઈને જમપુરીમાં જતા હતા. ચારે ભાઈઓએ વિચાર કર્યો. આ શું ? આ તો જમદૂત છે અને આપણા ગામમાં ? આ ગામમાં આપણે સત્સંગી છીએ અને આપણા ગામમાંથી કોઈ જીવ જમપુરીમાં શાનો જાય!

જો જો હવે કેવી અનોખી લડાઈ થાય છે ! અને જીત કેવી રીતે મળે છે ! આપણે આ ગામના છીએ, આપણે સ્વામિનારાયણ ભગવાનના ભક્ત છીએ અને આપણા ગામમાંથી કોઈ જીવ, ગમે તેવો કેમ ન હોય પણ જમપુરીમાં જાય જ કેમ ? કારણ કે આપણે મોટે બોલાયેલા સ્વામિનારાયણ નામના શબ્દો આખા ગામવાળાએ સાંભળ્યા હોય.

ચારે ભાઈ વહેલા ઉઠે, નદીએ ન્હાવા જાય ત્યારે સ્વામિનારાયણ.... સ્વામિનારાયણ...... ધૂન બોલતા બોલતા જાય. આખા ગામમાં ખબર કે આ ચાર ભાઈ સ્વામિનારાયણ ભગવાનના પાકા ભક્ત છે. એને બીજો રંગ ચડે એમ નથી. એટલે આ ચાર ભાઈ વિચાર કરે છે આ જીવને જમના હાથમાં જવા જ ન દેવો.

જેના હૈયામાં સ્વામિનારાયણ ભગવાન બેઠા હોય એના હૈયામાં પૂરી તાકાત હોય. ચાર ભાઈના નામ - ''ભીમ, રાઘવ, વશરામ, રાણો, ચારે ભક્ત પ્રભુના પરમાણો.'' ચારભાઈએ હાકોટો માર્યો જાણે કે કોઈ ચોરને હાકોટા મારતા હોય. એય મૂકી દો એ જીવને. એટલે બે જમદૂતો ઉભા રહ્યા અને કહેવા માંડ્યા. અરે આ વળી કોણ છે. ફોતરા જેવા ! કેમ તારે શું કામ છે ? શું કામ છે એટલે ! એ જીવન મૂકી દે. અલ્યા ભાઈ જીવતો પાપી છે અને પાપીને અમે લઈ જઈએ છીએ જમપૂરીમાં. એ પાપી હોય કે પુણ્યશાળી પણ અમે કહીએ છીએ કે એ જીવને મૂકી દે. ત્યાં એક જમદૂત કહે છે - તમે કાયદામાં ખલેલ કરો છો. તમે સત્સંગી થયા ને ચાંદલો કર્યો એટલે ધર્મરાજાના કાયદામાં ખલેલ પહોંચાડવાનો તમને કંઈ અધિકાર નથી. જો ભાઈ ! કાયદાની વાતો કરવાની રહેવા દે. અમે ખેડૂત છીએ અને અમે સ્વામિનારાયણ ભગવાનના ભક્ત છીએ. અમે કહીએ છીએ કે એ જીવને મૂકી દે. અમે જે કહીએ છીએ એ કાયદો. પેલો જમ કહે છે - મુક ને ઉપાધિ, એ તો બોલ્યા કરશે. એનાથી શું થવાનું ! મોટા સત્સંગી થયા હોય તો તારૂં ઘર સાચવ. જો તારા ઘેર આવીએ તો વાત કરજે. આ તો પાપી જીવ છે ને અમે લઈ જઈએ છીએ.

આ ચારેમાં ભીમજી ભારે ઉતાવળો. એમ આ જમડા નહીં માને. બાવડામાં બળ પણ ખરૂં અને હાથમાં મોટી ડાંગ. એક લાકડી મૂકીને ફટાક દઈને ! એ જમદૂતના દાંત ઉપર આવી. તમને નવાઈ લાગે..... એનો દાંત દસ ઈંચ લાંબો એવો ભયંકર દાંત એવી રાક્ષસી શક્તિ તે ઉપર આ ભીમે લાકડીનો પ્રહાર કર્યો જમના દાંત ઉપર અને કડાક દઈને દાંત તૂટ્યો. જેમ પથ્થર તુટે એમ. નિષ્કુળાનંદ સ્વામીએ પણ પોતાની કલમે આ ચરિત્ર લખ્યું છે.

**''ત્યારે ભીમ રાણો ભડભારી, કૃતાંત દાંતમાં ડાંગ મારી થયો કડાકો વસમી વીતિ, જમ ભક્તને ન શક્યા જીતી.''**

જમદૂતને એમ થઈ ગયું આ તો જુદા જ લાગે છે. આપણે એમ માનતા હતા કે ફોતરાં જેવા પણ ફોતરાં આપણી આંખમાં પડે એવાં છે. શું કરશું ? મૂકોને પંચાત

એક જીવ નહોતો, બીજું શું ? જમપુરી આખી ઉભરાય છે. અને એ જીવને પડ્યો મુકી જમદૂત ભાગી જાય છે. આ ચારભાઈ વિચાર કરે છે. હવે આપણે શું કરશું આ જીવનું? એનું આયુષ્ય પુરૂં થઈ ગયું છે, દેહ છોડીને આવી ગયો છે. હવે આને શું કરવાનું ? ત્યારે મોટો ભાઈ કહે છે, ‘‘સ્વામિનારાયણ ભગવાનના નામથી, એમના પ્રતાપથી, એમના ઐશ્વર્યથી હે જીવ ! તું બદરીકાશ્રમમાં જા અને ત્યાં જઈને તપ કર.’’ અને એ જીવ ચાલ્યો ગયો.

કેવો સત્સંગ હશે ! કેટલી તાકાત હશે ! કે પાપી જીવને જમના હાથમાંથી છોડાવી દીધો.

**‘‘જેને બળ બહુનામી તણું, માન્યું પોતાને સેવકપણું તેથી જાણો કોણ ન જીતાય, આ લોક પરલોક ને માંય.’’**

આનું જ નામ સહજાનંદી સિંહ, ઘણીવાર કૂતરા ભસવા માંડે પણ પછી જો ભય આવે ને તો પૂંછડી સંતાડીને ભાગે. એ પૂંછડી સંતાડીને ભાગે એ સિંહ ન કહેવાય. વિપત્તિમાં જે સામો પડે એ સાચો સહજાનંદી સિંહ કહેવાય.

મિત્રો ! યાદ રાખો. આપણે પણ સ્વામિનારાયણ ભગવાનના ભક્તો છીએ તો ભગવાનનાં ભજનનું, ભક્તિનું, સત્સંગનું બળ રાખીશું તો આપણામાં પણ એવી શક્તિ આવશે અને કોઈપણ મંત્ર, તંત્ર, ભૂત, પ્રેત વગેરેની બીક નહી લાગે. અને સ્વામિનારાયણ ભગવાન આપણી સદાય રક્ષા કરશે.

●

## ખીરનો અનોખો સ્વાદ

- નારાયણ વી. જાની (ગાંધીનગર)

ઘણીવાર એવા પ્રસંગો બનતા હોય છે કે તેમાં જે ત્વરિત બુદ્ધિનો ઉપયોગ કરે તો તેનું કામ થઈ જાય. જ્યારે એકથી વધું ત્વરિત વિચાર શક્તિ હોય તેવા વ્યક્તિ તેની બુદ્ધિના જોરે ફાયદો મેળવી લેતા હોય છે.

મિત્રો ! આજે આપણે એવી જ એક વાત વાંચીશું. જો ધ્યાનથી વાંચશો તો તરત જ ખ્યાલ આવી જશે. વાત છે ત્રણ મિત્રોની. આ ત્રણે મિત્રો કાંઈ જેવા તેવા નહીં હો, નાનપણથી સાથે ભણેલા, સાથે રમેલા અને સાથે ફરેલા. આવા આ ત્રણે મિત્રો મોટા થયા. સાથે કામ કરે. ખૂબજ હળી મળીને રહે. બધાને આ ત્રણેયની મિત્રતા જોઈ આનંદ થતો.

આ ત્રણે જણાએ એકવાર જાત્રાએ જવાનો વિચાર કર્યો. સારો વિચાર આવ્યો અને તેનો અમલ પણ કરી દીધો. ત્રણે મિત્રો જાત્રા કરવા ચાલી નીકળ્યા. એ વખતે આવા વાહન વ્યવહારની સગવડો ક્યાં હતી ! ચાલતા ચાલતા પ્રેમથી વાતો કરતા રસ્તો કાપતા સાંજ પડી જાય છે. અંધારૂં થવા આવ્યું. તેથી જે તે ગામમાં રાતવાસો કરવાનું નક્કી કર્યું. પૂછપરછ કરતા એક ધર્મશાળામાં ઉતારો મળી ગયો. આખો દિવસ ચાલેલા તેથી ભૂખ પણ બરાબર લાગેલી. ત્રણે પાકા ધાર્મિક હતા તેથી હોટલ કે લોજમાં તો ખાય નહી. ભૂખ તો બરાબર લાગેલી હતી. શું કરવું ?

ત્યાં તો વિચાર કર્યો. બીજું કશું કરવું નથી પણ ખીર બનાવી, પીઈ ને સૂઈ જઈએ. બજારમાંથી દૂધ, ચોખા, ખાંડ લાવીને સારી મજાની ખીર બનાવી. ભગવાનને ધરાવીને ત્રણે એ ખીર પીધી. એક એક તાંસળું ખીર પીધી. હવે થયું એવું કે એક તાંસળું ખીર વધી. આ વધારાની ખીર કોણ આરોગે ? પાકા મિત્રો વચ્ચે વાદ-વિવાદ થાય તે તો ઠીક નહી. તેથી ત્રણે એ વિચાર કર્યો. આ ખીર ઢાંકીને મુકી દઈએ. અને સૂઈ જઈએ. સવારે ઉઠી-પરવારીને પોતપોતાના સ્વપ્નની વાત કરવાની. જેને સારૂં સ્વપ્ન આવ્યું હોય તેણે આ એક તાંસળું ખીર આરોગી જવાની તેવું સર્વસંમતિથી નક્કી કર્યું.

આખો દિવસ ચાલેલા હતા તેથી થાક તો ઘણો લાગ્યો હતો. બધા સૂતા. બે જણા તો પડ્યા એવા સૂઈ ગયા. ત્રીજો મિત્ર થોડો, મોજીલો ને વિનોદી હતો. તે ઉઠ્યો અને પેલી ઢાંકેલી ખીર ઉપાડીને ઉભો ઉભો પી ગયો. અને પછી તે પણ સૂઈ ગયો. સવારે શું જવાબ દેવો તેની તરકીબ પણ તેણે સૂતા પહેલા વિચારી લીધી. કારણ કે તે વિનોદીની સાથે સાથે ત્વરિત બુધ્ધિવાળો પણ હતો. સવારે ત્રણે મિત્રો ઉઠ્યો. સ્નાનાદિક વિધિથી પરવારી પૂજા-પાઠ કર્યા. પછી બેસીને પોતપોતાના સ્વપ્નની વાતો શરૂ કરી.

પહેલા મિત્રે શરૂ કર્યું. મિત્રો ! શું વાત કરૂં. હું તો રાત્રે સ્વપ્નમાં વૈકુંઠમાં ગયો હતો. તેજ તેજના અંબાર છુટે. સોનાના સિંહાસનમાં ભગવાનના દર્શન કરીને ધન્ય ધન્ય થઈ ગયો. આ...હા....હા.... કેવું સરસ વૈકુંઠધામ ! કેવી સરસ એની શોભા.... મને તો ત્યાં જ રોકાઈ જવાનું મન થઈ ગયું. પણ શું થાય ! જાગી ગયો.

(અનુ. પેજ નં. ૨૯ ઉપર)

# ભક્તિસુધા

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી) એકાદશી સત્સંગ સભા પ્રસંગે કાલુપુર મંદિર-હવેલી) "ભગવાન કૃપાસાધ્ય છે"**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ ઘોડાસર)

**મોક્ષ ક્યારે થાય છે ?** ભગવાનની કૃપા થાય છે ત્યારે. **તો ભગવાનની કૃપા ક્યારે થાય છે ?** તો સો ટકા **'શરણાગતિ'** સ્વીકારવાથી અને **'ભગવાનનો મહિમા'** સમજવાથી થાય છે. આપણે ઘણી વખત વાંચીએ છીએ સાંભળીએ છીએ અને જાણીએ પણ છીએ કે **ભગવાન કર્તા-હર્તા છે. અને કર્મફળપ્રદાતા છે.** ભગવાનની મહાનતા ખૂબ છે. એમની મરજી વગર કાંઈ પણ થતું નથી. તો સમગ્ર બ્રહ્માંડમાં એ જે ધારે છે એ જ થાય છે. પરંતુ સારું થયું કે ના થયું એ તે વખતની આપણી જે જરૂરિયાત હોય છે એ પ્રમાણે આપણે નક્કી કરીએ છીએ. ધારો કે ભગવાને નક્કી કર્યું એટલી માત્રામાં ત્યાં વરસાદ પડે છે. તો જ્યાં વરસાદ પડે છે ત્યાં જેનું ખેતર હોય છે એના માટે એ સારું થાય છે. એટલે એ કહેશે કે સારું થયું. દા.ત. બીજા કોઈએ કલર કામ કર્યું હોય એના માટે એ સારું થાય છે. એટલે એ કહેશે કે સારું થયું. બીજા કોઈએ કલર કામ કર્યું હોય એના માટે એ ખરાબ થાય છે. તો વરસાદ પડવો એ તો નક્કી જ હતું. સારુ કે ખરાબ એ માણસ પોતે નક્કી કરે છે. એ માણસનું **'પ્રારબ્ધ'** છે. ભગવાનને એવું નથી કે ખેડૂત માટે વધારે પ્રેમ હતો અને કલર કરનાર સાથે વેર હતું.

ગ.મ. ૨૧ માં વચનામૃતમાં મહારાજે કીધું છે કે "મૂર્ખ હોય તે તો જે કોઈક એક વાત સમજાઈ ગઈ તેને જ મુખ્ય જાણે, જો કાળની વાત સમજાણી હોય તો કાળને મુખ્ય જાણે અને કર્મની વાત સમજાણી હોય તો કર્મને મુખ્ય જાણે, અને માયાની વાત સમજાણી હોય તો માયાને મુખ્ય જાણે, પણ જ્યાં જેનું પ્રધાનપણું તેને તો ત્યાં જુદું જુદું મૂર્ખને સમજતા ન આવડે અને જ્ઞાની હોય તે તો જે ઠેકાણે જેનું પ્રધાનપણું હોય તે ઠેકાણે તેનું જ પ્રધાનપણું લે. **અને પરમેશ્વર છે તે તો દેશ, કાળ, કર્મ, માયા એ સર્વના પ્રેરક છે.** અને પોતાની ઈચ્છાએ કરીને દેશકાળાદિકનું પ્રધાનપણું રહેવા દે છે. જેમ પ્રજા સર્વે રાજાને આધારે છે. તેમા દિવાન હોય તથા વજીર હોય તેનું રાજા ચાલવા દે તેટલું ચાલે, પણ ન ચાલવા દે ત્યારે એક અણુંમાત્ર પણ ના ચાલે **તેમ દેશ, કાળ, કર્મ, માયા તેનું પરમેશ્વર ચાલવા દે તેટલું ચાલે, પણ પરમેશ્વરના ગમતા બહાર અણું માત્ર ના ચાલે."** માટે સર્વકર્તા તે પરમેશ્વર જ છે. અને કર્મફળપ્રદાતા પણ પરમેશ્વર છે. ધારો કે અમુક સારા કર્મો તો સ્વર્ગ અપાવે છે અને અમુક ખરાબ કર્મો હોય એના આધારે નર્ક મળે છે. કર્મ કર્યા પછી જે મળે તે આપણા હાથની વાત નથી. આ જગતમાં આપણાથી કાંઈ પણ ખોટું કામ થયું હોય તો તેની સજા કોર્ટમાં ન્યાયાધીશ નક્કી કરે છે. પોતે નક્કી નથી કરી શકતા. તેમ આપણે અમુક ખરાબ કાર્ય કર્યા હોય તો જીવનમાં તો તેની સજા ભોગવવી પડે છે. પરંતુ તેની સજા શું છે ? કેટલી માત્રામાં મળશે ? ક્યારે મળશે ? કેટલા સમય માટે મળશે ? તે મહારાજ નક્કી કરે છે. આપણે ગમે તેટલા સારા કાર્યો જીવનમાં કરીએ તો પણ કરેલા ખરાબ કર્મોનું ફળ ભોગવવું પડે છે. માટે વિચારીને કાર્ય કરવાનું.

આપણે કોઈપણ કાર્ય કરીએ તો તેના મૂળમાં આપણને એમ થાય છે કે તેનું ફળ શું ? તો મોક્ષ પ્રાપ્તિ કરવાનો આપણા દ્વારા જ્યારે પ્રયત્ન થાય છે ત્યારે સહેજે સંકલ્પો થઈ જાય છે. **કેમ કે ? પોતે પ્રયત્ન કરીને 'મોક્ષ' મેળવવાનો છે.** ત્યાંના ઐશ્વર્યનો વૈભવનો સહેજે સંકલ્પ થઈ જાય છે. આમ મોક્ષ પ્રાપ્તિ માટે પ્રયત્ન કરીએ તેમાં આપણી ભૂલો પણ ઘણી બધી થાય છે દા.ત. અમુક વખતે જે અવતારો છે તેને જુદા માની લઈએ છીએ. સાંભળવામાં કોઈ ભૂલો થાય છે. તો કોઈ અવતારનો દ્રોહ થઈ જાય એ પણ ન થવો જોઈએ. પછી બ્રહ્માંડની રચના કેવી રીતે થઈ હશે એ બધા જે સંકલ્પો છે. જીજ્ઞાસા છે. એ બધી પણ ભૂલો છે. **કેમ કે ? એ 'જીજ્ઞાશા' અપેક્ષા પુરી કરવા પણ પાછું આવવું પડે છે.** તો આ બધું દૂર કરવા માટે શું કરવાનું ? તો ભગવાનનો સાચો **'મહિમા'** સમજવાથી આ બધા અવરોધો દૂર થાય છે. અને જન્મ-મરણના ચક્રમાંથી મુક્તિ મળે છે. તો આપણા મુખ્ય બે જ સંકલ્પ હોવા જોઈએ. એક **જન્મ-મરણના ચક્રમાંથી 'મુક્તિ' અને ભગવાનના ચરણમાં બેસીને**

**ભગવાનના દર્શન કરવાના, 'મોક્ષ' તો ભગવાની 'કૃપા' વગર શક્ય નથી. મોક્ષ સાધનોથી થતો નથી. સાધનો તો આપણને 'મોક્ષમાર્ગ' તરફ આગળ લઈ જાય છે.** માનો કે આપણે 'આત્મનિષ્ઠ' બની ગયા. કામ, ક્રોધ, લોભ, મોહ, માયા આ બધા દૂષણો ઉપર 'વિજય' મેળવી લીધો તો પણ આ બધા પ્રયત્નો કર્યા પછી પણ ભગવાન કેટલા રાજી થશે તે આપણા હાથની વાત નથી. મોક્ષ માત્ર ભગવાનની કૃપાથી થાય છે. અને ભગવાનની કૃપા ક્યારે થાય છે તો સો ટકા શરણાગતિ સ્વીકારીએ અને ભગવાન પાસે ક્યારેય 'માયિક' વસ્તુની માગણી ન કરીએ. આપણા કરતા ભગવાનને વધારે ખબર છે કે આપણી જરૂરિયાત શું છે ? શું કરવાથી આપણી આધ્યાત્મિક પ્રગતિ થશે. એટલે હંમેશા એવી માગણી કરવાની કે **આપને જે યોગ્ય લાગે તે આપ મારા માટે મારા જીવનમાં કરજો.** એવી પ્રાર્થના કરવી.

આપણને કોઈ રોગ થયો હોય તો આપણે ડૉક્ટર પાસે જઈને કહીએ કે મને રોગથી મુક્તિ આપી દો. તો એમ મુક્તિ મળી જતી નથી તેના માટે નિયમરૂપી કડવી દવા પણ પીવી પડે છે. અને આજ્ઞારૂપી ચરી પણ પાળવી પડે છે. **તે રીતે આપણે પણ આ જન્મ મરણન ભવરોગમાંથી 'મુક્તિ' મેળવવા માટે ભગવાનના 'શરણાગત' થઈએ છીએ તો ત્યાં પણ ભગવાને બનાવેલા નિયમરૂપી દવા પીવી પડશે અને ભગવાનની આજ્ઞારૂપી ચરી પાળવી પડશે. તો 'મોક્ષ' પ્રાપ્ત કરવામાં ભગવાનની 'કૃપા' સહેજે સહેજે મળી જશે.**

●

## "કરૂણાનિધિ"

- સાંખ્યયોગી કોકિલાબા (સુરેન્દ્રનગર)

આ જીવ અનંત જન્મોથી ભવાટવીમાં ભટકે છે. તેનું કારણ મુક્તિ નથી થઈ. મુક્તિ નથી થઈ તેનું કારણ ભગવાન શ્રીહરિનું ભજન નથી કર્યું. ભજન નથી થતું એનું કારણ ભગવાન શ્રીહરિમાં પ્રેમ નથી થયો. પ્રેમ નથી થયો તેનું કારણ માહાત્મ્ય મોટપ નથી સમજાણું. પ્રેમ ત્યારેજ થાય જ્યારે સામે વાળી વ્યક્તિની મોટપ સમજાય. ભગવાન શ્રીહરિએ આપણા ઉપર કરેલા ઉપકાર સમજાય. ત્યારે જ ભગવાન શ્રીહરિમાં પ્રેમ થાય છે. ભગવાન શ્રીહરિના આપણા ઉપર અનેક ઉપકારો છે. તેમાંથી સૌથી મોટો ઉપકાર છે. "કરૂણા" સદ્‌ગુરુ શ્રી આધારાનંદ સ્વામી "શ્રીહરિ ચરિત્રામૃત સાગર" ગ્રંથમાં લખે છે કે શ્રીહરિ જ્યારે પ્રગટ થાય છે ત્યારે પોતાના ભક્તને અપાર સુખ આપે છે. પોતાની મૂર્તિમાં જેટલો કરૂણારસ ભર્યો છે તે બધો ભક્તોને આપે છે. અર્થાત્ ભક્તોના ઉપર ખૂબ જ કરૂણા વરસાવે છે. તેથી જ સ.ગુ. મુક્તાનંદ સ્વામી રચિત આરતીમાં કહ્યું છે કે, **આ અવસર કરૂણાનિધિ, કરૂણા બહુ કીધી મુક્તાનંદ કહે મુક્તિ સુગમ કરી સીધી......** પ્રભુ જય સદ્‌ગુરુ સ્વામી.

શાસ્ત્રો અને મહાપુરુષોએ ભગવાન શ્રીહરિને કરૂણાનિધાન કરૂણાનિધિ, કરૂણાના ધામ, કરૂણામય, કરૂણાના ભંડાર, કરૂણા રસમય વગેરે અનેક નામોથી વર્ણવ્યા છે. વિશિષ્ટાદ્વૈત મત અનુસાર શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં ભગવાન શ્રીહરિનું સ્વરૂપ અનંત કલ્યાણકારી દિવ્ય ગુણોથી યુક્ત માનવામાં આવ્યું છે. તે તમામ દિવ્ય ગુણોમાં પ્રથમ ગુણ છે. કારુણ્ય. કારુણ્ય એટલે કૃપા, દયા, અનુગ્રહ, મહેર વગેરે પર્યાય શબ્દો ઘણા છે.

કારુણ્ય એટલે કોઈ પણ પ્રકારના સ્વાર્થ વિના બીજાના દુઃખ નિવારવાના પ્રયાસો કરે તેને કરૂણા કહેવાય છે. કરૂણા એટલે બીજાનું દુઃખ જોઈને હૃદય અકળાઈ જાય, દુઃખી થઈ જાય તેને કરૂણા કહેવાય. ભગવાન શ્રીહરિ દયા કરૂણાના દરિયાવ હતા. જેથી સ.ગુ. પ્રેમાનંદ સ્વામીએ સ્વાભાવિક ચેષ્ટામાં પદ-૬ લખ્યું છે જે

**"અતિ દયાળુ રે સ્વભાવ છે સ્વામીનો, પર દુઃખ હારી રે**
**વારી બહુનામીનો, કોઈ ને દુઃખિયો રે,**
**દેખી ન ખમાય, દયા આણી રે,**
**અતિ આકળા થાય, અન્ન ધન વસ્ત્ર રે,**
**આપીને દુઃખ ટાળે, કરૂણા દૃષ્ટિ રે, દેખી વાનજ વાળે...."**

ભગવાન શ્રી સ્વામિનારાયણના યોગમાં આવનાર પ્રત્યેકને તેમની આ દયા ભાવનાનો અનુભવ થયા વગર રહેતો નથી. રોગથી પીડાતી કે દુઃખી વ્યક્તિને જોતાં જ તેમનું હૃદય દ્રવી જતું. તેના પર તેમની કરૂણાની હેલી વરસી જતી. આ તેમની સહજ પ્રકૃતિ હતી.

કરૂણા અમુકમાં જ હોય છે. તમે શિયાળાની રાત્રે તમારી કારમાં બેસીને જતા હો અને ફૂટપાથ પર કોઈ ગરીબ કડકડતી ઠંડીમાં ધ્રૂજતો હોય અને ગાડીમાં બેઠા બેઠા વિચાર કરો કે "પેલો ગરીબ માણસ ઠંડીમાં કેવો ધ્રૂજે છે. તો એ દયા છે. પરંતુ દયા જ્યારે ક્રિયાનું રૂપ ધારણ કરે ને ગાડી ઉભી રાખીને તમારી ચાદર એ ગરીબ ને ઓઢાડી દો ત્યારે દયા "કરૂણા" બની જાય છે.

બીજાનું દુઃખ જોઈને પીડા તો બધાને થાય. પરંતુ તે દુઃખ દૂર કરવાની ક્ષમતા બધામાં હોતી નથી. જો ક્ષમતા

હોય તો પણ તેનું દુઃખ દૂર કરવા પ્રયત્ન નથી કરતા અને કદાચ પ્રયત્ન કરે તો પણ તેમાં સ્વાર્થ સમાયેલો હોય તો જ થાય છે. પરમાત્મા તો નિઃસ્વાર્થ ભાવે દુઃખ દૂર કરવાના પ્રયત્ન કરતા હોય છે. જેથી દુઃખી જીવોને લાભ થાય છે. અન્ય તમામ જીવોનું કલ્યાણ થાય છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે અનેક જીવાત્માઓ ઉપર કરૂણા કરી છે. રક્ષા કરી છે. મેઉ ગામમાં ભૂખણ ભાવસારના કુટુંબીજન એક બાઈને ત્યાં હાથ-પગ વિનાનું રૂંઢ મૂંઢ બાળક જન્મ્યું. જેથી બહુ રડતું હતું. બાળકની આવી અસહ્ય પીડાથી માતા ખૂબજ દુઃખી થતી હતી. કરૂણાનિધાન શ્રીહરિ મેઉ ગામ ગયા. ને તે બાળક ને મંગાવ્યો. ભૂખણ ભાવસાર ખાટલીમાં લઈને આવ્યા. શ્રીહરિએ તે બાળકને પોતાના ખોળામાં લઈને બાળકના શરીર ઉપર પોતાના હસ્તકમળ ફેરવીને રૂંઢમૂંઢ શરીરમાંથી બન્ને હાથ, બન્ને પગ ખેંચીને કાઢ્યા અને કિલકિલાટ કરતું ને રમતું બાળક ભાવસાર બાઈને પાછું આપ્યું. એજ પ્રમાણે સરધારના મૂંગા હસનના મોઢામાં ચકલી બોલાવીને બોલતો કર્યો. અને રૂંઢ મૂંઢ સ્થિતિમાંથી નાથાને બહાર કાઢી હાથ પગ આપ્યા. એટલે તો ગઢડા મધ્ય પ્રકરણ-૨૮ માં વચનામૃતમાં કહ્યું છે કે ભગવાન તો ભક્તના પણ ભક્ત છે. જો ભક્તના પણ ભક્ત હોય તો, તેમને ચિંતા પોતાના ભક્તની થાય છે. નાનામાં નાનું દુઃખ આવે તો પણ શ્રીહરિ દોડીને આવે છે. ને પોતાના ભક્તને ઉગારી લે છે.

મેઘપુરના સુંદરજીભાઈ વાણીયા ભગવાનના પરમ એકાંતિક ભક્ત હતા. સોનાનો ધંધો કરતા. એકવાર માલ લેવા માટે જામનગર ગયા હતા. સોનુ, હીરા, માણેક ખરીદીને ગામ તરફ રવાના થયા. આ વાતની ચોર લોકોને ખબર પડી. તેથી રસ્તામાં ઊંડી ખાણમાં ચોરો સંતાઈ ગયા. સુંદરજીભાઈ સ્વામિનારાયણ..... બોલતા બોલતા ઉતાવળે પગે ચાલ્યા આવે છે. ત્યાં ઘોડા ઉપર બેસીને ચોર આડા ફરી વળ્યા. ભગતને પેટમાં ફાળ પડી. ધ્રૂજવા લાગ્યા. હવે શું કરવું ? ચોર ભગતના હાથ ઝાલીને નદીના કોતરમાં લઈ ગયા. ભયંકર વન ને સાંજનો સમય છે. કોણ બચાવે ? ચોર કહે તારી પાસે જે હોય તે બધું આપી દે નહિતર મારી નાખીશું. સુંદરજીભાઈ એ મારવાની બીકે જે હતું તે બધું આપી દીધું. બીજો ચોર કહે આને જીવતો મુકાય નહિ. નહિ તો આપણને પકડાવી દેશે. માટે મારી નાખો. ચોરે મારવા માટે તલવાર ઉંચી કરી. એટલે સુંદરજીભાઈએ જોરથી રાડ પાડી કે સ્વામિનારાયણ બચાવો બચાવો, ચોર કહે ચૂપ રહે કોઈ સાંભળશે તો અમે પકડાઈ જઈશું. થોડીવારે ચોરે તલવારનો ઘા સુંદરજી ઉપર કર્યો પણ તેમને તો જાણે અડીજ નહિ. બે - ત્રણ વાર ઘા કર્યા પણ અડીજ નહી. ને સુંદરજીભાઈ તો વધુ હિંમતને શ્રધ્ધાથી મોટેથી સ્વામિનારાયણ બોલવા લાગ્યા. એટલે ચોરે ભગતની બોચી પકડી. ત્યાં શ્રીહરિએ કરૂણા કરીને તેની વહારે આવી ગયા. સહજાનંદમાંથી વિકરાળ સિંહ બની ગયા ને ત્રાડ પાડી, આખું વન ગાજી ઉઠ્યું. ચોરના હાજા ગગડી ગયા. ચોરના છક્કા છૂટી ગયા. સુંદરજીભાઈએ દોડીને ગદ્‌ગદ્‌ ભાવે પ્રેમાશ્રુ સાથે પ્રભુને દંડવત્‌ પ્રણામ કર્યા. ધ્રૂસકે ને ધ્રૂસકે રડવા લાગ્યા. હે મહારાજ, ખરી વેળાએ તમે મારી રક્ષા કરી. પ્રહલાદને માટે નરસિંહ રૂપ ધારણ કર્યું તેમ મારા માટે સિંહ રૂપ લઈને પધાર્યા. વાહ ? કરૂણા સાગર, કરૂણાનિધિ, ભક્તવત્સલ પ્રભુ મારા ઉપર મોટી મહેર કરી. શ્રીજીમહારાજે કહ્યું, ‘‘ભકતની રક્ષા કરવી એ અમારૂ બિરૂદ છે. પણ હવે આ રીતે જોખમ સાથે એકલા ન નીકળતા. પછી અદ્રશ્ય થઈ ગયા. આવી રીતે મહારાજે એક સત્સંગી ભાઈની રક્ષા કરીને કરૂણા સાગર, કરૂણાનિધિ નામ સાર્થક કર્યું છે. તો આપણે જો સાચો સત્સંગ રાખીશું તો શ્રીજીમહારાજ આપણી પણ જરૂર રક્ષા કરશે.

**‘‘હે કરૂણાના કરનારા, તારી કરૂણાનો કોઈ પાર નથી.**
**હે સંકટના હરનારા, તારી કરૂણાનો કોઈ પાર નથી.’’**

●

**કથા શેના માટે ?**

- લાભુબેન મનુભાઈ પટેલ (કુંડાળ, તા. કડી)

ભક્તિના માર્ગે જવા ઈચ્છનાર વ્યક્તિ માટે કથા, સત્સંગ, જપ, ધ્યાન, ઈત્યાદિ માર્ગે પરનાં વિસામા જેવા છે. અને સંતો સત્સંગ દ્વારા કથા દ્વારા માનવજાતને શાંત અને સ્થિર કરી તેને પ્રભુ ભક્તિમાં પ્રયોજે છે. કથા શબ્દને ઉલટાવો તો ‘થાક’ શબ્દ બને. જે મનનાં થાકને દૂર કરી, મનોવ્યથાને હરે તે કથા. માનવજાતની વ્યથાને હરિ લે તે હરિકથા, કેટલાક લોકો નામ કમાવા માટે અનેક પ્રકારનાં આડંબરોથી યુક્ત બની કથા કરે છે. તેમના મનમાં લોકોનો સ્વભાવ સુધારવાને બદલે પોતાનો પ્રભાવ પાથરવાનો ઉદ્દેશ છે. એમની વાણી વિદ્વત્તાયુક્ત હોવા છતાં લોકોના હૃદયને સ્પર્શથી નથી. અને એવી કથાથી કોઈના જીવનમાં પરિવર્તન પણ આવતું નથી.

કેટલાક લોકો સમાજમાં પોતાની વાહવાહ બોલાવવા, પોતાની જાતને ધર્મિષ્ઠ બનાવવા માટે, નામ કમાવા માટે શ્રી

સ્વામિનારાયણ ભગવાનની કથા કરાવતા હોય છે. પરંતુ એવી કથાઓથી કથા સાંભળનાર અને કથા કરાવનારને કોઈ ફાયદો થતો નથી. દરેક કર્તવ્યનું પુરેપુરી સચ્ચાઈ અને નિષ્ઠાથી પાલન કરવું, કથામાં પણ ગુરૂકૃપા અને ભગવદ્ નિષ્ઠા જરૂરી છે. વક્તા અને શ્રોતા બન્ને પ્રભુ પ્રેમમાં મગ્ન અને મસ્ત હોય એવી કથા જરૂર જીવનમાં પરિવર્તન લાવે, જેમ ઉંબરામાં રહેલો દીવો બન્ને ઓરડાને પ્રકાશ આપે છે તેમ હૃદયપૂર્વક કહેવામાં આવે અને શ્રદ્ધાપૂર્વક સાંભળવામાં આવે તો કથા સાચા અર્થમાં કથા બને. મારી સૌ હરિભક્તોને વિનંતી છે કે તમે શ્રધ્ધાપૂર્વક કથા સાંભળો, વચનામૃત સાંભળો અને એમાંથી થોડુંક પણ આચરણમાં મુકવા સંનિષ્ઠ પ્રયત્ન કરો, કારણ કે ધર્મનું થોડુંક આચરણ પણ મોટા ભયમાંથી બચાવે છે.

સદ્ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામી કીર્તનમાં કહે છે...

**કથા ને કીર્તન કહેતા ફરે છે, કર્મતણી જે કહાણી રે,**
**શ્રોતા ને વક્તા બેઉ સમજ્યા વિનાના, પેટને અર્થે પુરાણી રે....**

આમ જો કથા'પોથીમાંના રીંગણા' હોય તો શું અર્થ સરે ? કથા જો 'વ્યવસાય' હોય તો 'પેટ' ભરાય પરંતુ જીવનું કલ્યાણ ન થાય ? શ્રીજીમહારાજે કહ્યું છે 'જે શાસ્ત્રમાં ભગવાનના અવતાર અને તેના સાકારપણાનું પ્રતિપાદન કર્યું હોય તેવાં જ શાસ્ત્રોની કથા થાય.' 'સંપ્રદાયનાં શાસ્ત્રોથી જ સત્સંગની પુષ્ટિ થાય છે. તે શિક્ષાપત્રીના ૨૦૩ ના શ્લોકમાં કહ્યું છે.

साम्प्रदायिक ग्रन्थेभ्यो ज्ञेय एषां तु विस्तरः ॥

ધર્મનો વિસ્તાર તે તો અમારા સંપ્રદાયના જે ગ્રંથ તે થકી જાણવો.

## અનુ. પેજ નં. ૨૫ નું ચાલુ

અનુ. પેજ નં. ૨૫ નું ચાલુ

બીજા મિત્રે સ્વપ્નની વાત શરૂ કરી. હું રાત્રે કૈલાસમાં ગયો. મહાદેવજીના દર્શન થયા. શું કૈલાસની શોભા ! ભોળાનાથ અને પાર્વતીજીના દર્શન ઠંડુ ઠંડું વાતાવરણ અને મહાદેવજીના મસ્તક ઉપરથી ગંગાજી વહેતા હતા. શું સુંદર વાતાવરણ.... હું તો ગંગાજીના પ્રવાહમાં ન્હાવા લાગ્યો. પણ ઠંડીના કારણે એકદમ જાગી ગયો.

આ બંને મિત્રોએ પોતપોતાના સ્વપ્નની વાત કરી પછી પેલા ત્રીજા મિત્રને પૂછવા લાગ્યા. અમે તો અમારા સ્વપ્નની વાત કરી. હવે તું તારી વાત તો કર. ત્યારે ત્રીજો મિત્ર કહેવા લાગ્યો. તમારા બંનેના સ્વપ્ન ખૂબજ સરસ હતા. ખીર તો તમને જ મળવી જોઈએ. કારણ કે મારૂં સ્વપ્ન તો બહુ બીક લાગે તેવું હતું. બંને મિત્રો અંદર અંદર હરખાતા હરખાતા ત્રીજા મિત્રની વાત સાંભળવા આતુર થયા. આ ત્રીજો મિત્ર તો વાત કરવા લાગ્યો. રાત્રે મને સ્વપ્નમાં હનુમાનજી દેખાયા. મોટી આકૃતિ. હાથમાં ગદા, બીક લાગે તેવી મોટી મોટી આંખો, લાંબુ લચ પૂંછડું. હું તો આ જોઈને થરથર ધ્રૂજવા લાગ્યો. મેં તો હનુમાનજીને પૂછ્યું. દાદા ! મારો શું વાંક કે તમે મારી સામે મોટી મોટી આંખો કાઢો છો ? હનુમાનજીએ તો ગદાથી ગોદો માર્યો ને કહે, છાનો માનો ઉભો થા અને હું કહું તેમ કર. હું તો ઉભો થયો. આગળ હું અને પાછળ હનુમાનજી. મને ધક્કો મારતા મારતા ખીર પાસે લાવ્યા અને કહેવા લાગ્યા, આ વધારાની ખીર પી જા. ત્યારે મેં કહ્યું, દાદા ! એ તો જેને સારૂં સ્વપ્ન આવે તેમણે પીવાની છે. મારાથી તે ન પીવાય. ત્યાં તો દાદાએ ગદા ઉપાડી કહ્યું, પી જા નહીં તો ગદા મારીશ. પછી હું શું કરી શકું ? પછી ના છૂટકે ધ્રૂજતા ધ્રૂજતા એ ખીર હું પી ગયો.

બે મિત્રોના મોઢાં તો પડી ગયા પણ કહેવા લાગ્યા કે - મિત્ર ! તારે આવું થયું ત્યારે બુમો તો પાડવી હતી ! ત્યારે આ વિનોદી મિત્ર કહે, મેં કેટલી બધી બૂમો પાડી પણ તમે સાંભળતો તો ને..... મને ત્યારે થયું પણ ખરૂં કે કેમ તમે નહોતા સાંભળતા ? પણ હવે ખ્યાલ આવ્યો. આ બધું થયું ત્યારે તમે એક જણ વૈકુંઠમાં ને એક જણ કૈલાસમાં હતા તો મારી બૂમોને સાંભળે કોણ ! આ વિનોદી મિત્રની વાત સાંભળી બંને મિત્રો હસી પડ્યા. મિત્રો પાકા હતા એટલે મનદુ:ખ ન થયું પણ એક બીજા ખુશ થયા. અને આ મિત્રની બુધ્ધિ અને વિનોદીપણાની ચતુરાઈથી ખૂબ રાજી થયા.

મિત્રો ! જોયું ને ત્વરિત બુધ્ધિ અને વિનોદીપણું હોય તે માણસ આ રીતે ફાવી જાય. તમે બધા પણ આ રીતે પરસ્પર સારી મિત્રતા રાખી ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનના દૃઢ અને નિષ્ઠાવાન ભક્ત બની રહો, તમારા જીવનમાં પણ સંપ્રદાયના નિયમોનું મક્કમપણે પાલન કરવાની નિષ્ઠા વધે તેવી પ્રભુ ચરણોમાં પ્રાર્થના.

# સત્સંગ સમાચાર

### શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર વસંત પંચમી શિક્ષાપત્રીનું પૂજન

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજીના માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણમંદિર કાલુપુરમાં પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં મહા સુદ-૫ વસંત પંચમીના શિક્ષાપત્રી જયંતીના શુભ દિને પ્રસાદીના સભા મંડપમાં સંતો-હરિભક્તોએ શ્રીમદ્ શિક્ષાપત્રીનું વેદોક્ત વિધિથી પૂજન અર્ચન કર્યું હતું. પ.ભ. જાદવજીભાઈ રામજીભાઈ પટેલે (ધરમપુરવાળા) પૂજનમાં યજમાન બની લાભ લીધો હતો. સમગ્ર શિક્ષાપત્રીનું વાચન સ.ગુ. શા. સ્વામી છપૈયાપ્રસાદદાસજીએ કર્યું હતું. સમગ્ર આયોજન કોઠારી જે.કે. સ્વામી, ભંડારી જે.પી. સ્વામી અને સંત મંડળે સુંદર રીતે કર્યું હતું. (શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજી - કોટા મહંતશ્રી)

### શ્રી સ્વામિનારાયણ મંદિર ભીમપુરા પાટોત્સવ શાકોત્સવ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના રાજીપાથી તથા પૂ. સ.ગુ. મહંત શા. પુરૂષોત્તમપ્રકાશદાસજી (ગાંધીનગર)ના સુંદર માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર ભીમપુરા ઠાકોરજીનો ૧૧ મો પાટોત્સવ એવમ્ શાકોત્સવ (માણસા) તા. ૧૨-૨-૧૯ ના રોજ ભીમપુરા શ્રી નરનારાયણદેવ યુવક મંડળ એવમ્ સમસ્ત સત્સંગ સમાજ તરફથી ધામધૂમપૂર્વક ઉજવાયો.

પ્રાસંગિક સભામાં અમદાવાદ મંદિરના પૂ. મહંત શા. સ્વા. હરિકૃષ્ણદાસજી, પૂ. શાસ્ત્રી રામ સ્વામી (કોટેશ્વર) આદિ ધામોધામના સંતોએ સૌ હરિભક્તોને શ્રીહરિનો સર્વોપરી મહિમા સમજાવ્યો હતો. સંતો દ્વારા ઠાકોરજીનો ષોડશોપચાર અભિષેક-અન્નકૂટ અને શાકોત્સવ વિધિવત રીતે થયો હતા. સભા સંચાલન સ.ગુ. શા. સ્વામી ચૈતન્યસ્વરૂપદાસજીએ સુંદર રીતે શોભાવ્યું હતું. ગામના તમામ ભક્તોએ તન, મન અને ધનથી સેવા કરી હતી. (કોઠારીશ્રી, ભીમપુરા)

### શ્રી સ્વામિનારાયણ મંદિર હર્ષદ કોલોની પ્રથમ પાટોત્સવ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા અત્રેના પ.ભ. દાસભાઈ, ટ્રસ્ટીઓ આદિ હરિભક્તો અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળ સૌના આયોજનથી તા. ૨૨-૨-૧૯ ના રોજ શ્રી સ્વામિનારાયણ મંદિર હર્ષદ કોલોનીનો પ્રથમ પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો.

પાટોત્સવના ઉપલક્ષમાં સંપ્રદાયના સુપ્રસિદ્ધ વિદ્વાન કથાકાર પૂજ્ય સદ્ગુરુ શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના વક્તાપદે શ્રીમદ્ ગ્રંથરાજ વાસુદેવ માહાત્મ્ય'ની પંચાન્હ પારાયણનું સુંદર આયોજન પ.ભ. ડૉ. કનુભાઈ એચ. પટેલના યજમાનપદે સંપન્ન થયું હતું. પોથીયાત્રામાં આપણા જવાનો કાશ્મીરના પુલવામાં આંતકી હુમલામાં શહીદ થયા તેમને ગદ્ગદ્ નત મસ્તકે શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી. અને અત્રે શહીદોના આત્માની શાંતિ માટે અઢી કલાક ધૂન કીર્તન કરવામાં આવ્યા હતા. અને તેમના પરિવાર માટે રૂા. ૫૦,૦૦૦/- હજારનું ફંડ જાહેર કરવામાં આવ્યું હતું. મહાપૂજાની પૂર્ણાહુતિની આરતી કાલુપુર મંદિરના પૂ. મહંત સ્વામીએ ઉતારી હતી. અન્ય કાર્યક્રમોમાં વિષ્ણુયાગ, સમૂહ મહાપૂજા, અન્નકૂટ અને શાકોત્સવ આદિ થયા હતા.

આ પ્રસંગે પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી તથા પ.પૂ. અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ મોટા ગાદીવાળાશ્રી પધાર્યા હતા અને કથા શ્રવણ કરી બહેનોના મંદિરમાં અન્નકૂટ આરતી કરી બહેનોને રૂડા આશીર્વાદ આપ્યા હતા.

પ.પૂ. લાલજી મહારાજશ્રી સંત-મંડળ સાથે પધાર્યા હતા અને ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારી કથા-મહાપૂજાની પૂર્ણાહુતિની આરતી કરીને મુખ્ય યજમાનોનું સન્માન કરી સભામાં સૌને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગમાં ધામોધામથી સંતો પધાર્યા હતા. (ગોરધનભાઈ વી. સીતાપરા)

### શ્રી સ્વામિનારાયણ મંદિર (ભાઈઓનું) ઝુંડાલ મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ

શ્રીહરિ સમકાલીન નંદ સંતો પૈકી સ.ગુ. મહાનુભાવાનંદ સ્વામીએ દસ ગામ લેઉવા પાટીદાર ગોળની રચના કરી પરંપરાગત સત્સંગ જળવાય રહે તેવા શુભ હેતુથી ગોળમાં કૌટુંબિક લેણદેણ કરવાની આજ્ઞા કરી હતી. સ્વામીના આશીર્વાદથી આશરે ૯૦ વર્ષ પહેલા સંતોએ ગામમાં મંદિરનું નિર્માણ કરાવેલ. આ મંદિર જીર્ણ થવાથી ઈષ્ટદેવ શ્રીહરિની અસીમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અને સ્વામીની શિષ્ય પરંપરામાં અમદાવાદ મંદિરના સ.ગુ. સ્વામી રાજેન્દ્રપ્રસાદદાસજી ગુરુ અ.નિ. સ્વા. સ્વયંપ્રકાશદાસજીની શુભ પ્રેરણા-માર્ગદર્શનથી તેમજ સ.ગુ. શા. સ્વામી પુરુષોત્તમચરણદાસજી અને કોઠારી સ.ગુ. સ્વા. કૃષ્ણવલ્લભદાસજીના માર્ગદર્શનથી શિલાન્યાસના યજમાન પ.ભ. બાબુભાઈ ઈશ્વરભાઈ પટેલ તેમજ ગામ સમસ્ત સત્સંગ સમાજના તન, મન, ધનના સાથ સહકારથી દિવ્ય અને ભવ્ય ગગનચુંબી મંદિરનું નિર્માણ થતા તા. ૧૪-૨-૧૯ થી ૨૦-૨-૧૯ પર્યંત ભવ્યાતિભવ્ય મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો.

મહોત્સવના ઉપલક્ષમાં સ.ગુ. શા. શ્રીજી સ્વામી (હાથીજણ)ના વક્તાપદે સુમધુર સંગીત સુરાવલીઓ સાથે શ્રીમદ્ સત્સંગિભૂષણ ગ્રંથની સપ્તાહ પારાયણનું ખૂબ વિશાળ સભા મંડપમાં આયોજન થયું હતું. જે અંતર્ગત પોથીયાત્રા, ઘનશ્યામ જન્મોત્સવ હર્ષોલ્લાસ સાથે ઉજવાયા. કથા દરમિયાન પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપા ગાદીવાળાશ્રી તથા પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપા મોટા ગાદીવાળાશ્રી પધાર્યા હતા.

નીચે મુજબના વિવિધ કાર્યક્રમો સુંદર રીતે સંપન્ન થયા હતા.

**ધાર્મિક :** અખંડ ધૂન, ૧૧ કરોડ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર લેખન, સમૂહ હોમાત્મક મહાપૂજા, શ્રીહરિયાગ, ઠાકોરજીની નગરયાત્રા, જળયાત્રા, પૂ. સંતો દ્વારા નંદ સંતો રચિત કીર્તન ભક્તિ, ભાઈઓ તથા બહેનોના મંદિરમાં ઠાકોરજીને છપ્પન ભોગ અન્નકૂટ, સ.ગુ. સ્વા. રાજેન્દ્રપ્રસાદદાસજી દ્વારા પ્રકાશિત 'સદ્ગુરુ શ્રી મહાનુભાવાનંદ સ્વામી' અને 'શ્રીહરિકૃષ્ણ લીલામતૃ' એમ ૨ ગ્રંથોનું વિમોચન થયું.

**સામાજિક :** સર્વરોગ નિદાન કેમ્પના માધ્યમથી નિષ્ણાંત તબીબો દ્વારા ૯૦૦ દર્દીઓને નિઃશુલ્ક તપાસવામાં આવ્યા. બ્લડ ડોનશન કેમ્પ દ્વારા રેડ ક્રોસના માધ્યમથી સંતો, સાંખ્યયોગી બહેનો સહિત ૧૬૦ રક્તદાતાઓએ રક્તદાન કર્યું. ૨૮ બ્રહ્મ બટુકોને યજ્ઞોપવિત તેમજ બ્રહ્મ ચોરાસી, દરરોજ ૭૦૦ જેટલી ગાયોને ઘાસચારો, કૂતરાઓને લાડુનું ભોજન, કીડીઓને કિડીયારું, દરરોજ ગ્રામ સફાઈ, વ્યસનમુક્તિ અને બેટી બચાવો પ્રદર્શન, વડીલ વંદના સમારોહ તેમજ ૫ દિવ્યાંગોને ટ્રાઈસિકલ અને ૧ સિવવાના સંચાનું વિતરણ, ગામના યુવક મંડળના ૨૫૦ જેટલા સ્વયં સેવકો દરેક સેવામાં અગ્રેસર રહી ભોજનશાળામાં પણ ૧૨ જેટલા કાઉન્ટરો પરથી ગામના તથા બહાર ગામના દરેક ભક્તજનોને (જેમાં અંધજનોનો પણ સમાવેશ થાય છે) બન્ને ટાઈમ ભોજન પ્રસાદ પીરસવાની સેવાથી લઈ વાસણો ઘસવાની સેવા કરી જેનાથી ભોજન પ્રસાદ લેવા માટે ક્યાંય લાઈન કે ભીડ નહોતી થતી જે સમગ્ર સંપ્રદાય માટે પ્રેરણારૂપ છે.

**રાષ્ટ્ર સેવા :** કથા પારાયણના દરેક છત્રના અંતે ઉભા થઈ રાષ્ટ્રગીતનું ગાન કરી આંતકી હુમલામાં શહીદ થયેલા જવાનોના પરિવાર માટે રૂા. ૧,૫૦,૦૦૦/-ની સહાય

**સાંસ્કૃતિક :** ગામના શ્રી નરનારાયણદેવ યુવક, બાળ, મહિલા અને બાલિકા મંડળ દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો, દરરોજ રાત્રે નામાંકિત કલાકારો દ્વારા ભવ્ય લોક ડાયરો, રાસોત્સવ, હાસ્ય દરબાર (ડેલીએ ડાયરો) જેવા કાર્યક્રમો તેમજ મંદિર ઉદ્ઘાટન પ્રસંગે રંગારંગ કાર્યક્રમ (લાઈટ એન્ડ સાઉન્ડ શો).

તા. ૨૦-૨-૨૦૧૯ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સંત મંડળ સાથે પધારીને નૂતન મંદિરમાં શ્રી સ્વામિનારાયણ ભગવાન, શ્રી નરનારાયણદેવ, શ્રી રાધાકૃષ્ણદેવ તેમજ શ્રી ગણપતિજી અને હનુમાનજીની પ્રાણ પ્રતિષ્ઠા વેદોક્ત વિધિથી કરી હતી. પ્રાસંગિક સભામાં આશીર્વચન આપી ખૂબ રાજી થયા હતા. મહોત્સવ દરમિયાન અમદાવાદ, મુળી, સુરેન્દ્રનગર, વડતાલ, ગઢડા, જુનાગઢ આદિક ધામોધામથી ખૂબ મોટી સંખ્યામાં વિદ્વાન બ્રહ્મનિષ્ઠ સંતો તથા સાંખ્યયોગી બહેનો પધાર્યા હતા. સંતોએ દરરોજ રસોડામાં તેમજ સંહિતાપાઠ અને વ્યાખ્યાનમાળાના માધ્યમથી સત્સંગની સુંદર સેવા કરી હતી. યુવક મંડળના સક્રિય કાર્યકર શ્રી હિતેશભાઈ પટેલને સાથે રાખી મહંત શા. સ્વા. ભક્તિનંદનદાસજી (મોરબી) એ સુંદર રીતે સભા સંચાલન કર્યું હતું. સમગ્ર મહોત્સવનું લાઈવ પ્રસારણ હમારી સંસ્કૃતિ ટી.વી. ચેનલના માધ્યમથી કરવામાં આવ્યું હતું. (ગોરધનભાઈ વી. સીતાપરા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ટ્રેન્ટ શતાબ્દી મહોત્સવ**

